પ.પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ ની પવિત્ર નિશ્રામાં શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ



આયોજિત - ચાતુર્માસિક ૮૬ દિવસીય શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર.

卐 સચિત્ર જાહેર વ્યાખ્યાન માળા 卐

# સચિત્ર ગણધરવાદ

પ્રવચનકાર અને લેખક - પ.પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ

(7)

## વિષય :- કર્મ મોક્ષ (ક્ષય) સિદ્ધિ

વિ.સં. ૨૦૪૦ ભાદરવા વદ ૬ | નવમું વ્યાખ્યાન - ૯ | રવિવાર તા. ૧૬-૯-૮૪

सूरि
गर

# વિષય :- કર્મ મોક્ષ(૬.

**શંકા —** આત્માને કર્મનો બંધ-મોક્ષ હોય કે નહીં ?

**जं संताणोऽणाई तेणाणंतो य णायमेगंतो**
**दीसइ संतोऽवि जओ कत्थइ बीयं-कुराईणं ॥**

——— પ. પૂ. ચરમતીર્થપતિ આસન્નોપકારી શ્રમણ-પરમાત્મા શ્રી મહાવીર સ્વામીને નમસ્કારપૂર્વક ....

છઠ્ઠા ગણધર મંડિક સ્વામીની શંકા-જીવ સાથે કર્મનો બંધ મોક્ષ છે કે નહીં ? એનો પહેલો એક અંશ કર્મબંધ સિદ્ધિનો ગયા આઠમા વ્યાખ્યાનમાં વિચારી ગયા છીએ. અહીંયાં આ નવમા વ્યાખ્યાનમાં મંડિક સ્વામીની જ શંકાના બીજા અંશ -કર્મ મોક્ષ સિદ્ધિનો વિચાર કરીએ.

શું કર્મનો નાશ (ક્ષય) પણ થતો હશે ખરો? અને જો કર્મનો ક્ષય ન થાય તો શું થાય? મોક્ષ એટલે શું ? મોક્ષ ક્યારે થાય ? કેવી રીતે થાય? વગેરેનો વિચાર અત્રે પ્રસ્તુત પ્રવચનમાં કરવામાં આવે છે.

**"મોક્ષના"ના અર્થો** — મોક્ષ. એટલે છૂટા પડવું. છૂટકારો થવો. બંધાયેલી વસ્તુનું છુટું પડવુ પણ મોક્ષ કહેવાય છે. પરન્તુ અહીંયાં આ સંદર્ભમાં વિચાર કરતા ખ્યાલ આવશે-જે આત્માએ કર્મ બાંધ્યા છે તેનો છુટકારો થવો તે મોક્ષ. જીવે કર્મ બાંધ્યા છે તો જીવે જ છોડવા પણ પડશે અને

આત્મા કર્મના બંધનમાંથી સદાના માટે જે સ્થાન, જે અવસ્થા પ્રાપ્ત કરે છે તે પણ મોક્ષ સ્થાન છે. મુકિતનું ધામ છે. મુકતાવસ્થા છે. એટલે કર્મક્ષય-કર્મમોક્ષ અને જીવમોક્ષ એમ બન્નેની સિદ્ધિનો વિચાર અત્યારે કરવાનો છે.

## જીવ+કર્મનો સંયોગ-વિયોગ તે જ બંધ-મોક્ષ

સંસાર એ જીવ+કર્મના સંયોગાત્મક છે. અને મોક્ષ એ જીવ+કર્મના વિયોગાત્મક છે.

| | |
|---|---|
| જીવ+કર્મસંયોગ | જીવ+કર્મવિયોગ તે |
| \| \| | \| \| |
| સંસાર | મોક્ષ |

જેનો સંયોગ એનો જ વિયોગ. કોનો સંયોગ ? કોનો વિયોગ ? સંયોગ [illegible] બેનો થાય. પરન્તુ એકલો સંયોગ હતો જ નથી. અહીંયાં પણ બે તત્વ છે. જીવ અને કર્મ (જડ) કર્મ અજીવતત્ત્વના પુદ્‌ગલનો જ પેટા ભેદ છે. કાર્મણ વર્ગણા-ના બનેલા કર્મ છે. તે બન્નેનો સંયોગ તેનું જ નામ સંસાર છે. અને બન્નેનો સદાના માટે સદંતર વિયોગ થવો, છૂટા થઇ જવું તેનું નામ છે મોક્ષ.

મોક્ષ પણ સાપેક્ષિક છે. અર્થાત મોક્ષ બોલીએ છીએ ત્યારે બંધનો જ મોક્ષ એ સ્પષ્ટ અપેક્ષા સહિત ખ્યાલ આવે છે. બંધ ન હોય તો મોક્ષ કોનો થાય ? એમ વિયોગ પણ સાપેક્ષ છે. સંયોગ ન હોય તો વિયોગ કોનો થાય ? વિયોગ પહેલા સંયોગ જરૂરી છે. તેમ મોક્ષ પહેલા કર્મ બંધ પણ જરૂરી છે. અર્થાત્ એકથી બીજાની સિદ્ધિ થાય છે.

જે બંધાય છે તે છૂટે છે. કર્મ આત્માની સાથે બંધાય છે તો તે કર્મોને જ એક દિવસ આત્માથી છૂટા પડવાનું છે. છૂટવું જ પડશે. મોક્ષ થશે.

પ્રશ્ન—જે જે બંધાય છે તે તે છૂટે છે કે જે જે છૂટે છે તે તે બંધાય છે ? બંધાયેલાનો મોક્ષ કે મોક્ષનો બંધ ?

ઉત્તર — બંધાયેલાનો મોક્ષ ખરો. પરન્તુ બધા જ બંધાયેલા છૂટશે એવું નક્કી નથી. જેમ ૫–૧૦–૨૦ વર્ષની જેલની સજા-વાળા છૂટી જશે. પરન્તુ આજીવન કેદવાળા નથી છૂટતા. તે જ પ્રમાણે ભવ્ય જીવો કર્મના બંધથી છૂટી જશે. પરન્તુ અભવ્ય જીવો, જાતિભવ્ય જીવો ક્યારેય નથી છૂટતા. તેમનો મોક્ષ કદાપિ નથી થતો.

એટલે હે મંડિક ! કર્મ બંધાયેલા બધા મુક્ત થાય જ એવો એકાન્ત પણ નથી અને કર્મથી મુકાયેલા, મુક્ત થયેલા ફરી બંધાતા જ નથી.

## સંયોગ-વિયોગનો સાપેક્ષક ભાવ

જેનો સંયોગ છે તેનો વિયોગ પણ છે. સંયોગ વિના તો વિયોગ સંભવે જ નહીં. અને, વિયોગ કોનો ? તો સંયોગનો. અને સંયોગ કોનો ? તો કહેવું પડશે બે ભિન્ન જુદા પદાર્થોનો. આત્માની સાથે જે કર્મનો સંયોગ હતો તે જ કર્મનો આત્માથી વિયોગ થશે. તેને જ છૂટા પડવું પડશે. માટે વિયોગ સંયોગ–સાપેક્ષિક છે. જીવ–કર્મનો સંયોગ એ જ સંસાર અને એ બન્નેનો સર્વથા વિયોગ એનું નામ જ મોક્ષ.


વિયોગ

આંશિક વિયોગ | સંપૂર્ણ વિયોગ

આત્માથી કર્મનો વિયોગ કેવો થયો છે ? કારણ વિયોગ બે પ્રકારના છે. આંશિક વિયોગ થાય એ શું કામનું ? આંશિક વિયોગનો મોક્ષ નથી કહેવાતો. તેને નિર્જરા કહેવાશે. નિર્જરા આંશિક છે. તે રોજ રોજ થઈ શકે છે. પરન્તુ મોક્ષ કયારેય રોજ–રોજ નથી થતો.

દા. ત., ખાણમાં જયારે સોનું છે ત્યારે કેવું છે ? માટીની સાથે મિશ્રિત છે. સંયુક્ત છે. પરન્તુ તેને બહાર કાઢીને ભઠ્ઠી ઉપર તપાવીને માટી સોનું બન્નેને છૂટા પાડીને બેનો વિયોગ કરાવવો પડે. માટી જુદી–સોનું જુદું. સોનાના કણ... કણ... મળી જશે અને એક અખંડ દ્રવ્ય બની જશે. આ પ્રમાણે જીવ અને કર્મનો પણ વિયોગ થાય તો જ મોક્ષ થાય :

**ગ્રહણ અને મોક્ષ** —



જ્યોતિષ –ખગોળશાસ્ત્રની દૃષ્ટિએ આકાશમાં ગ્રહણ થાય છે. સૂર્ય અને રાહુનું ગ્રહણ થાય છે. ક્યારેક ચંદ્ર અને રાહુનું ગ્રહણ થાય છે. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે પ્રથમ– સૂર્ય અને રાહુ બન્ને જૂદા જૂદા છે. અને ગતિમાં ગમન કરતા રાહુનું વિમાન સૂર્યના ઉપર આવતું જાય છે. II નંબરના ચિત્રમાં થોડું ગ્રહણ દેખાય છે. III માં ઘણો વધારે અને IVમાં પુરું ગ્રહણ દેખાય છે. રાહુના વિમાનથી સૂર્યનું વિમાન ગ્રસિત થઇ ગયું છે, ઢંકાઇ ગયું છે. આનું નામ ગ્રહણ. હવે પછી ગતિમાં ફરી આગળ વધતું રાહુનું વિમાન છૂટું પડતું જશે. અને Vમાં થોડું છૂટું પડયું VI માં અર્ધું છૂટું પડયું અને VII સાતમી અવસ્થામાં બન્ને સંપૂર્ણ છૂટા પડી ગયા છે. સૂર્ય પૂર્ણ દેખાય છે. આને પંચાંગની જ્યોતિષશાસ્ત્રની ભાષામાં ગ્રહણ મોક્ષ કહેવાય છે.

બસ, આ જ પ્રમાણે આત્મા અને કર્મનું પણ ગ્રહણ (બંધ) થયેલું છે–તેનો મોક્ષ થાય છે. પરન્તુ મોક્ષ થવા માટે V, VI અવસ્થામાં બતાવ્યા પ્રમાણે પ્રથમ થોડી, પછી ઘણી આ પ્રમાણે નિર્જરા થાય છે.... નિર્જરા થતાં થતાં.... એક દિવસ એવો પણ આવે કે પૂર્ણ–સંપૂર્ણ નિર્જરા થઈ જાય ત્યારે આત્મા સંસારથી, કર્મબંધથી સર્વથી મુકત થઈ જાય જેમ VIIમી અવસ્થામાં એકલો સૂર્ય રાહુ વિનાનો પૂર્ણ ચોખ્ખો દેખાય છે. તેમ આત્મા એક એવી અવસ્થામાં પહોંચે છે. જયાં પોતે એકલો જ હોય છે. સંસાર નહીં, કર્મ નહીં, શરીર નહીં, જન્મ-મરણ નહીં. તે અવસ્થાને મોક્ષ કહેવામાં આવે છે. જેમ માટીથી છુટું પડયા પછી જુદું સ્વતંત્ર સોનું ચોખ્ખું,

૧૦૦ ટચનું કહેવાય છે તેમ મુક્તાવસ્થામાં આત્મા શુદ્ધ, પૂર્ણ શુધ્ધ, સંપૂર્ણ ચોખ્ખો હોય છે.

(૧) મરૂદેવામાતાએ હાથીની અંબાડીએ પ્રથમ ચાર ઘાતી કર્મો ખપાવી કેવળજ્ઞાની બન્યા. અને વીતરાગ સર્વજ્ઞ-સર્વદર્શી બન્યા. અને પછી અંતર્મુહૂર્તમાં તે અષ્ટ કર્મનો ક્ષય કરીને સદાના માટે કર્મસંબંધથી રહિત સિદ્ધ-બુધ્ધ, મુકત, શુદ્ધ બની ગયા.

(૨) ઈલાચીકુમાર દોરડા ઉપર નાચતા નાચતા ત્રીજી વખત નાચતા સામે દૂર ઘરમાં નજર જાય છે. એક નવયૌવના યુવતિ સ્ત્રી યુવાન સાધુ મહારાજને આહાર વહોરાવી રહી છે. છતાં મુનિરાજ ના પાડે છે. નજર ઊંચી કરીને જોતા પણ નથી. બસ આ પ્રસંગ જોતાં ઈલાચીકુમારની અધ્યવસાય ધારા બદલાઈ ગઈ. અરે ! મને ધિક્કાર છે. આ હું શું વિચાર કરૂં છું ? હે આત્મા ! કંઈક સમજ. મુનિ મહાત્માનો ત્યાગ જોતાં જોતાં કર્મક્ષયની નિર્જરાની ક્ષયકશ્રેણી મંડાઈ ગઈ, અને થોડી વારમાં આઠમાંથી ૪ કર્મ ક્ષય થતાં કેવળજ્ઞાન પામ્યા... અને પછી કેવળી તરીકે વીચરી અનેક ભવ્યાત્માઓને પ્રતિબોધ પમાડીને એક દિવસ આઠે કર્મોનો ક્ષય કરી સર્વથા કર્મનો બંધનમાંથી છૂટીને સદાના માટે સંસારનો ત્યાગ કરીને મોક્ષે સિધાવ્યા.

**અનાદિ-અનન્તની ચતુષ્ટયી-**

(૧) **અનાદિ+અનન્ત**

(૨) **અનાદિ+સાન્ત**

(૩) **સાદિ+અનન્ત**

(૪) **સાદિ+સાન્ત**

આ પ્રમાણે અનાદિ અને અનન્તની ચતુર્ભંગી થાય છે. (૧) જેનો કર્મ સંયોગ–બંધ અનાદિ છે. અને અન્ત પણ નથી. દા ત., અભવી જીવો આ સંસારમાં અનાદિ કાળથી કર્મયુકત છે. અને ભાવિમાં પણ તેમનો કર્મ-બંધ અનન્ત જ રહેવાનો છે. કદાપિ મુકત નહીં થાય.

(૨) અનાદિ-સાન્ત. અન્ય આપણા જેવા ભવ્ય જીવોનો કર્મબંધ ભૂતકાળની દૃષ્ટિએ અનાદિ જરૂર છે. પરન્તુ ભાવિની દૃષ્ટિએ સાન્ત છે. અન્ત સહિત છે. એક દિવસ આ કર્મબંધનો અન્ત જરૂર આવશે. આ બીજા ભેદમાં ભવ્ય જીવો આવે.

પ્રશ્ન— જે જે ભવ્ય જીવો છે તે તે મોક્ષે જશે જ? કે પછી જે જે મોક્ષે જશે તે ભવ્ય જ ?

ઉત્તર— જે જે મોક્ષે જશે તે તે ચોકકસ ભવ્ય જીવ જ કહેવાશે. પરન્તુ જે જે ભવ્ય જીવો છે તે તે મોક્ષે જશે જ. એવો એકાન્ત નથી. જાતિ ભવ્ય, દુર્ભવ્ય જીવો મોક્ષે જવાના જ નથી. અને અનન્ત કાળ વીતી ગયો હશે છતાં પણ અનન્તા ભવ્ય જીવો સંસારમાં હશે. એવો એક પણ દિવસ આવવાનો નથી કે જે દિવસે સંસારમાંથી બધા જ ભવ્ય જીવો ખલાસ થઈ જશે. ના.

પ્રશ્ન— જે જે સમ્યકત્વી તે તે મોક્ષે જશે ? કે જે જે મોક્ષે જશે તે સમ્યકત્વી ?

ઉત્તર— સમ્યકત્વ પામ્યા એ જ ઘડીએ આપણો મોક્ષ નકકી થઇ જ ગયો છે. સમ્યકત્વ પ્રાપ્તિનો મોટો લાભ આ છે કે એક વાર સમ્યકત્વ પામ્યા, સ્પર્શ્યું એટલે એ જ ઘડીએ આપણો

મોક્ષ નક્કી થઈ જ જાય છે. અર્થાત્ સમ્યકત્વ પામ્યા પછી હવે અર્ધપુદ્ગલ પરાવર્ત કાળમાં ચોક્કસ મોક્ષે જવાના જ, અને બીજી રીતે વિચાર કરો તો મોક્ષ જનાર સમ્યકત્વી જ. સમ્યકત્વી વિના મિથ્યાત્વી, મિથ્યાદૃષ્ટિ જીવ ક્યારેય મોક્ષે જવાનો જ નથી. એને પણ સમ્યકત્વ પામ્યા પછી જ મોક્ષ મળશે. તે સિવાય નહીં. અને સમ્યકત્વ કોણ પામશે ? ભવી જીવ જ. અભવીને ક્યારેય મોક્ષ વિષે શ્રદ્ધા થતી જ નથી. અને તે સમ્યકત્વ પામતો જ નથી. અને તેથી જ મોક્ષે જતો જ નથી. માટે જો આપણે ભવી જીવ છીએ તો હવે સમ્યકત્વી થવા પ્રયત્ન કરવો જોઇએ. સમ્યકત્વી થવું, સમ્યકત્વ પામવું એ જ આપણા માટે ઘણી મહત્વની બાબત છે.

(૩) સાદિ + અનન્ત – મોક્ષની સાદિ છે, શરૂઆત છે. કર્મ ક્ષય પછી જયારે આત્મા મોક્ષમાં જાય છે ત્યારે તે મોક્ષની આદિ કહેવાય છે અને પછી એકવાર મોક્ષ પામ્યા પછી તે અનન્ત છે, સાન્ત નહીં. હવે ફરી મોક્ષનો અન્ત આવવાનો જ નથી.

(૪) સાદિ+સાન્ત જીવાત્મા સાથે કર્મની સાદિ પણ છે. અને અન્ત પણ છે. એક વ્યકિતને જયારે પણ કર્મ બંધાય છે ત્યારે તે કર્મની સાદિ– શરૂઆત થઇ અને જયારે એ જ કર્મનો ક્ષય થશે ત્યારે તે કર્મનો અન્ત પણ થશે. માટે સાન્ત, અન્ત સહિત તે સાન્ત. એવું નથી કે એક વાર જે કર્મ બાંધ્યા તે ખપે જ નહીં ? ના એવું નથી.

### કર્મ ખપે તો શું થાય ?

એક વાર આત્મા સાથે બંધાયેલા કર્મો ખપે જ નહીં તો શું સ્થિતિ થાય? આત્મા ઉપર કર્મનો બંધ થતો જ જાય. જૂના

કર્મ ન જ ખપે અને નવા બંધાતા જ જાય. જો એવી સ્થિતિ સર્જાય તો કલ્પના કરો કે શું બને ? શું થાય ? શી સ્થિતિ થાય ?

આત્મા કર્મના ઢગલા નીચે દબાઈને શું જડ થઇ જવાનો છે? ના. પારિણામિક ભાવો દ્રવ્યનું સ્વસ્વરૂપમાં નિશ્ચિતપણે સ્થિર રહેવાનું જણાવે છે. જીવ કયારેય જડ થતો જ નથી. અનો જડ કયારેય જીવ થતો જ નથી. ભવી કયારેય અભવી થતો જ નથી. અને એજ પ્રમાણે અભવી પણ ક્યારેય ભવી થવાનોજ નથી. આ નિશ્ચિત અપરિવર્તનશીલ સ્વભાવ તે પારિણામિક ભાવ કહેવામાં આવે છે.

સર્વ જીવોની કર્મ પરંપરાની દ્રષ્ટિએ કર્મ અનાદિ છે. એક જીવની કર્મપરંપરાનો વિચાર કરતા તે પણ અનાદિ છે. પરન્તુ પરંપરાને ન જોતાં એક ખાસ કર્મને જોવામાં આવે છે તે સાદિ છે. અને એક દિવસ ખપી જવાનો જ છે માટે સાન્ત જ છે.

કર્મો રોજ બંધાય છે. તેમ રોજ ખપે પણ છે. એક પણ કર્મ એવું નથી કે જે ખપે જ નહીં. કારણ કે જે જે કર્મ બંધાય છે, જયારે બંધાય છે. ત્યારે ત્યારે તે તે કર્મની સ્થિતિ પણ બંધાય છે. અને સ્થિતિ જઘન્ય કે ઉત્કૃષ્ટ ગમે તે બંધાય છે. બંધાયેલા કર્મની Time Limit સ્થિતિ (અવધિ) પૂરી થતાં તે કર્મ ખપવાનું જ છે. કાં તો ઉદયમાં આવીને ખપે, અથવા તો આપણે ઉદીરણા કરીને ખપાવીએ અથવા એના સમયે ઉદયમાં આવે કર્મ ભોગવાય, એનાં સુખ-દુઃખો ભોગવી લઈએ પછી એ કર્મ એની અવધિ પૂરી થતાં

ખપી જ જવાનું છે અને તે માટે આત્માએ વધુ પુરૂષાર્થ કરવાની આવશ્યકતા છે.

કર્મક્ષય કરવાના હેતુથી જ જીવે ધર્મઆરાધના કરવી એ જ સર્વોચ્ચ હેતુ છે. યદ્યપિ જીવો ભિન્ન ભિન્ન હેતુઓથી ધર્મ કરે છે. દા. ત., ઈહલોકનાં સુખો, પરલોકના સુખોની પ્રાપ્તિ, સ્વર્ગીય વૈભવજન્ય સુખોની પ્રાપ્તિ આદિ માટે ઘણો ધર્મ થાય છે. તેથી પુણ્ય (શુભ) કર્મ બંધાય છે અને આત્મા તે બંધાયેલા કર્મને ભોગવવા માટે નવા જન્મો લે છે. આ પ્રમાણે એનો સંસાર વધે છે. પરન્તુ આત્મા સંસારથી અને ભવપરંપરાથી– કર્મથી મુક્ત તો નથી જ થયોને ? માટે કર્મક્ષય, નિર્જરા, કર્મ મોક્ષનું જ લક્ષ રાખવું વધુ હિતાવહ છે. મહામન્ત્ર નમસ્કારમાં પણ સવ્વપાવપ્પણાસણો" નું પદ છે. આ સાતમા પદમાં આપણને સર્વથા સર્વપાપ કર્મનો નાશ કરવાનો હેતુ રાખવાનું કહ્યું છે. કારણ, સર્વ પાપ કર્મના નાશ વિના મુક્તિ નથી. એ માટે જ કહ્યું છે કે– "**कर्ममुक्तिः किलमुक्तिरेव**" "કર્મથી મુક્તિ એ જ સાચી મુક્તિ છે."

## મોક્ષપ્રાપ્તિ યોગ્ય કયા જીવો ?

**दव्वाइरो तुल्ले जीव– नहाणं सभावओ भेओ।**
**जीवा–अजीवाइगओ जह तह भव्वेयरविसेसो ॥ १८२३**

કેટલાક ગુણધર્મો ભિન્ન ભિન્ન પદાર્થોમાં સમાન હોય છે. દા. ત., આત્મા અને આકાશ એ બે દ્રવ્યો છે. હવે દ્રવ્યત્વ, સત્વ, પ્રમેયત્વ, જ્ઞેયત્વાદિ ધર્મોને કારણે આ બન્ને દ્રવ્યો સમાન હોવા છતાં જેમ જીવત્વ અને અજીવત્વ, ચેતનત્વ, અચેતનત્વ, રૂપે આત્મા અને આકાશમાં સ્વભાવ ભેદ છે.

એ જ પ્રમાણે બધા જીવો જીવત્વ ધર્મથી એકસરખા હોવા છતાં ભવ્યત્વ અભવ્યત્વના કારણે જીવોમાં ભવ્ય, અભવ્યના ભેદો મૂળમાંથી જ છે. આ ભેદ સ્વભાવ-ભેદ છે. ભવ્યત્વપણું, અભવ્યત્વપણું એ કર્મજન્ય ભેદ નથી. નારકીપણું, સ્વર્ગીપણુ એ કર્મજન્ય ભેદો છે. કારણ કે જીવ કરેલા કર્મના કારણે નરકમાં, સ્વર્ગમાં ગયો છે. અને ત્યાંથી પાછો મનુષ્યમાં આવ્યા પછી હવે નારકીપણું, નહીં રહે. માટે આ કર્મકૃત ભેદ છે. પરન્તુ ભવ્ય–અભવ્યપણું એ કર્મકૃત ભેદ નથી પણ સ્વભાવજન્ય ભેદ છે.

દા.ત. જેમ એક છોડવામાં ઊગેલા મગમાં પણ બે ભેદ છે. એક તો ઉકળતા પાણીમાં બાફવા મૂક્યા હોય ત્યારે સીઝે છે. બફાઈ જાય છે અને બીજા નથી સીઝતા. કલાકો સુધી પાણીમાં સગડી ઉપર બફાતા જ રહે, છતાં પણ નથી ચઢતા. તેને કોરડુ મગ કહીએ છીએ. આ ભેદ સ્વભાવભેદ છે. તે મગની જાતિ જ એવી. તેથી તે કોરડુ જ રહે. ન જ સીઝે. એમ ભવ્ય અને અભવ્યના ભેદ જીવસ્વભાવના કારણે મૂળભૂત ભેદો છે. અભવ્ય ક્યારેય સિદ્ધ ન જ થાય. મોક્ષે ન જ જાય. જ્યારે ભવ્ય મોક્ષે જાય.

**ભવ્ય અભવ્ય જાતિ ભવ્યના ભેદો —**

જેમ એક કન્યા એવી છે કે જે ભાવિમાં લગ્ન પછી માતા બને છે, અને બીજી એવી પણ કન્યા છે કે જે લગ્ન પછી જીવનભર માતા નથી જ થતી. એ ક્યારેય બાળકને જન્મ નથી જ આપતી. જેને વન્ધ્યા (વાંઝણી) તરીકે કહેવાય છે. અને ત્રીજી એક કન્યા છે, જે બાલ્યાવસ્થામાંજ દીક્ષા લઇ લે છે. હવે તે માતા બનવાની છે ? ના. સાધ્વી ક્યારેય માતા

ન જ બને ? બરાબર છે. સાધ્વી માતા ન જ બને એ વાત સાવ સાચી પરન્તુ માતા બનવાની યોગ્યતા તો ધરાવે છે કે નહીં ? માતૃપણાની– અર્થાત્ માતા થવાપણાની સંભાવના, શકયતા તો ધરાવે છે કે નહીં ? અલબત્ત જીવનભરના વ્રત–ના કારણે તે થવાની નથી. તે વાત ચોકકસ.

આ પ્રમાણે આ ત્રણ કન્યાની યોગ્યતા અયોગ્યતાના દ્રષ્ટાંતથી ત્રણ પ્રકારના જીવો છે તે સમજી શકાશે. (૧) પહેલી કન્યા જે માતા બની શકે છે તેના જેવા ભવ્ય જીવો છે જે સિદ્ધ થઇ શકે છે. મોક્ષે જઇ શકે છે.

(૨) બીજી વાંઝણી (વન્ધ્યા) સ્ત્રીના જેવા અભવ્ય જીવો હોય છે. વાંઝણી જેમ કયારેય માતા નથી જ બનતી તેમ અભવ્ય જીવ ક્યારેય મોક્ષ નથી જ પામતો. એ આત્માનું જીવદળ જ એવું છે.

(૩) સાધ્વી થયેલી કન્યા જેવો ત્રીજી કક્ષાનો જાતિભવ્ય જીવ છે. જે ભવ્યની કક્ષાનો છે. છતાં પણ કોઈ કાલે મોક્ષ જવાનો નથી. જેમ સાધ્વી કોઇ કાળે માતા થવાની જ નથી. સાધ્વી અને માતા એ બન્ને પરસ્પર વિરૂદ્ધ ધર્મો છે. તેમ જ અહીંયા પણ એ જ વસ્તુ છે. આ દૃષ્ટાન્ત તો આ જીવોમાં ભેદની તરતમતા સમજાય તે માટે આપ્યું છે. મૂળભૂત સ્વભાવમાં જ જીવોની આ ત્રણ કક્ષા છે. આ ભેદ કર્મજન્ય નથી. જો કર્મજન્ય માનીએ તો એક દિવસ આ કર્મોનો ક્ષય (નાશ) થતાં આ જીવોમાં પરિવર્તન આવી શકે અને અભવ્ય જીવપણ મોક્ષે જઇ શકે, પરન્તુ ના આ કર્મજન્ય ભેદ નથી. જીવ સ્વભાવજન્ય આ ભેદો છે. માટે આને પારિણામિક ભાવજન્ય ભેદ કહેવાય

છે. પારિણામિક ભાવ એ છે કે જીવ ક્યારેય અજીવ અને અજીવ ક્યારેય જીવ થવાનો જ નથી અને ભવ્ય ક્યારેય અભવ્ય બનતો નથી અને અભવ્ય ક્યારેય ભવ્ય થતો નથી.

## શું ભવ્ય બધા મોક્ષે જશે જ ?

एवं भव्वुच्छेओ कोट्ठागारस्स वा अवचयंति ।
तं नाणंतत्तणओऽणागयकालं वराणं व ॥ १८२७

પ્રશ્ન— જે જે ભવ્ય છે તે તે મોક્ષે જશે જ. કે જે જે મોક્ષે જશે તે તે ભવ્ય જ ?

આનો વિચાર કરતાં જકાર ક્યાં લગાડવો ? જે જે ભવ્ય હશે તે મોક્ષે જશે જ ? એવો જકાર લગાડીને એવકારનો નિયમ નથી કરી શકતા. ભવ્ય મોક્ષે જશે પણ ખરા. અને નહીં પણ જાય. હા પણ એક વાત સાચી છે કે જે જે મોક્ષે જશે તે બધા ભવ્ય જ જવાના. અર્થાત અભવ્યાદિ નથી જ જવાના. પરન્તુ ભવ્યો અનન્તા છે. હજી એક નિગોદનો ગોળો પણ ખાલી નથી થયો. ગોળા તો એવા અસંખ્ય છે. અનન્તો કાળ વીતવા છતાં પણ સંસારમાં જીવો તો રહેવાના જ છે. એવો એક પણ દિવસ અનન્ત કાળે પણ નથી જ આવવાનો કે જે દિવસે આ સંસારમાં કોઇ જીવ જ નહીં રહે ? ના. એ બનવાનું જ નથી.

દા. ત. જેમ આકાશ પ્રદેશો અનન્તા છે. કાળની રાશી અનન્ત છે એ જ પ્રમાણે જીવો પણ અનન્તા છે. આકાશના એક–એક પ્રદેશને છૂટો પાડવામાં આવે તો પણ અનન્તા પ્રદેશો અનન્તા કાળેય પણ છૂટા પડવાના નથી.

જેમ ભૂત, ભાવિ અને વર્તમાન એ ત્રણ કાળ છે. ભાવિનો અનાગત કાળ કેટલો તો અનન્ત? અને ભૂતકાળમાં કેટલો કાળ વીત્યો? તો અનન્ત. આ પ્રમાણે ભૂત અને ભાવિ બન્ને અનન્ત છે. હવે વિચાર કરો ભૂતકાળમાં કેટલા જીવો મોક્ષે ગયા? અનન્તા. કારણ સંસારમાં જીવો અનન્તા છે. મોક્ષે ગયેલા સિદ્ધો પણ અનન્તા છે, અને નિગોદમાં પણ અનન્તા અનન્ત જીવો છે. ભૂતકાળ જેટલો જ ભવિષ્યકાળ છે અને ભૂતકાળમાં આજ સુધીના અનન્તા કાળમાં નિગોદના જીવોના અનન્તમા ભાગના જ જીવો મોક્ષમાં ગયા છે. તો પછી ભાવિમાં પણ એટલા જ અર્થાત નિગોદના અનન્તમાં ભાગનાં જ જીવો મોક્ષે જશે અને તે સિવાયના બીજા અનન્તા જીવો ભવસંસારમાં રહેશે. અનન્તા ભવ્યો પણ મોક્ષે ગયા વિના રહેશે અને સાથે સાથે અભવ્યો, તથા જાતિ ભવ્યો પણ સંસારમાં જ રહેવાના છે. મોક્ષે જવા માટે એમનો તો કોઈ પ્રશ્ન જ ઊભો નથી થવાનો.

માટે જેટલા ભવ્યો છે તેટલા મોક્ષે જશે જ. એવો નિયમ સાચો નથી ઠરતો પરન્તુ જેટલા મોક્ષે જશે તેટલા તો ચોક્કસ ભવ્યો જ જવાના. બીજો પ્રશ્ન—જેટલા સમ્યક્ત્વી એટલા મોક્ષે જશે જ? કે જેટલા મોક્ષે જશે તે સમ્યકત્વી જ?

હા. આમાં બન્ને તર્કો સમાન કક્ષાએ સાચા છે. જે જે સમ્યકત્વી હશે તે મોક્ષે ચોક્કસ જવાના જ. અને સમ્યકત્વ ભવ્ય જીવો જ પામે છે. જેટલા સમ્યકત્વી એટલા ભવ્ય ચોક્કસ જ. પરન્તુ જેટલા ભવ્ય જીવો છે એટલા બધા સમ્યકત્વી હોય જ એવો નિયમ નથી. ભવ્ય જીવો તો

મિથ્યાત્વી પણ હોય છે. અને સમ્યકત્વ પામે ત્યારે સમ્યકત્વી થાય છે. ભવ્યોમાં પણ અનન્તા મિથ્યાત્વી છે. જ્યારે સમ્યક્ત્વી તો મિથ્યાત્વીની અનન્ત સંખ્યાના અનન્તા ભાગ જેટલા જ છે.

પરન્તુ જે વખતે સમ્યકત્વ પામ્યા તે જ વખતે જીવનો મોક્ષ નિશ્ચિત થઈ જ જાય છે. અને સમ્યકત્વ પામેલો જીવ અર્ધ પુદ્ગલ પરાવર્તકાળમાં નિશ્ચિત મોક્ષે જવાનો જ. નવતત્વમાં કહ્યું છે કે —

**अंतोमुहुत्तमित्तं -पि फासियं हुज्ज जेहिं सम्मत्तं ।**
**तेसिं अवड्ढपुग्गल - परियट्टो चेव संसारो ॥**

અર્થાત જે જીવોએ અન્ત મુહૂર્ત માત્ર પણ સમ્યકત્વ સ્પર્શ્યું હોય તે જીવોનો સંસાર હવે ફકત અર્ધપુદ્ગલ પરાવર્ત કાળ જ બાકી રહે છે. અને ત્યાર પછી તે સમ્યકત્વી જીવ અવશ્ય મોક્ષે જાય જ. એમાં કોઇ શંકાને સ્થાન નથી.

આ પ્રમાણે અહીંયાં બન્ને પક્ષો સાચા છે. કે જે જે સમ્યકત્વી તે તે અવશ્ય મોક્ષે જવાનો જ. અને જે જે મોક્ષે જાય છે, ગયા છે, જવાના છે, તે સર્વે પણ સમ્યકત્વી જ.

## મોક્ષે ન જાય તો પછી ભવ્ય કેમ રહે ?

મંડિક સ્વામીએ પ્રશ્ન કર્યો–હે ભગવંત ! ભવ્ય હોવા છતાં પણ જો મોક્ષે ન જાય તો તેને ભવ્ય કહેવાનો અર્થ શો ? તો તો પછી તેને અભવ્ય જ કહીએ તો શું ખોટું છે ?

ના. આ કથન પણ યોગ્ય નથી. શું બધી જ કન્યાને વન્ધ્યા કહી શકાય ? ના. ન જ કહેવાય. એમાંથી મોટા ભાગની માતા થવાની યોગ્યતા ધરાવે છે. અને કોઇક જે

માતા થવાની યોગ્યતા નથી ધરાવતી તેને જ ફક્ત વન્ધ્યા કહેવાય. એ જ પ્રમાણે –

**भण्णइ भव्वो जोग्गो. न य जोग-तेण सिज्झई सव्वो ।**
**जह जोग्गम्मिवि दलिए सव्वत्थ न कीरए पडिमा ।**

પ્રભુએ કહ્યું – હે મંડિક! ભવ્ય કોને કહેવાય? ભવ્ય એટલે યોગ્ય! કોને યોગ્ય સિદ્ધિગમન યોગ્ય. મોક્ષે જવા યોગ્ય જે જીવ હોય છે તેને ભવ્ય જીવ કહેવાય છે. આના ઉપરથી એ ખ્યાલ આવશે કે ભવ્ય એટલે મોક્ષે જાય જ એવો અર્થ નથી થતો. મોક્ષે જવા યોગ્ય. મોક્ષે જવાની યોગ્યતા ભવ્યમાં પડી છે. અભવ્યમાં તો છે જ નહી. પરન્તુ ભવ્યમાં યોગ્યતા હોવા માત્રથી તે સિદ્ધ થશે જ એવો નિયમ નથી.

પરન્તુ જેમ એક બીજને ઊગવા માટે હવા, પાણી, તાપ, જમીન આદિ યોગ્ય સામગ્રીઓ મળે તો જ બીજની યોગ્યતા પ્રમાણે તે આ સહયોગી કારણો મળતાં તે ફળીભૂત થાય છે. એ જ પ્રમાણે ભવ્ય જીવમાં યોગ્યતા પડેલી હોવા છતાં પણ તેનો મોક્ષ ન થવામાં સહકારી કારણોનો અભાવ છે. જેમ એક કન્યામાં માતા થવાની યોગ્યતા પડેલી છે પરન્તુ તેનાં લગ્ન જ ન થાય તો માતા કયાંથી થવાની? જેમ સોનામાં, પાષાણ (પથ્થર) મણિ, રત્ન, ચન્દનના લાકડા વગેરેમાં પરમાત્માની પ્રતિમા થવાની યોગ્યતા પડી છે, પરન્તુ જો કોઇ શિલ્પી એને ઘડે નહીં ત્યાં સુધી એમાંથી પ્રતિમા કયાંથી થાય? કારણ શિલ્પીનો સહયોગ જ નથી મળ્યો. જો શિલ્પીનો સહયોગ મળે તો એમાંથી પ્રતિમા ઘડી શકાય તેમ છે.

એ જ પ્રમાણે ભવ્ય જીવોને મોક્ષે જવા યોગ્ય સહકારી કારણો નહીં મળે ત્યાં સુધી તે મોક્ષે જવાના નથી. પરન્તુ મોક્ષે ન જાય એથી કંઈ અભવ્ય નથી થઈ જતા. જીવમાં રહેલો પારિણામિક ભાવ એવો છે કે જેના કારણે ભવ્ય અભવ્ય થતો નથી. કોરડુ મગ સીઝતો જ નથી. એમ અભવ્ય જીવમાં તો સિદ્ધ થાય છે. અને જેને નથી મળતા તે કયારેય સિદ્ધ થતો જ નથી. પરન્તુ મોક્ષે ન પણ જાય છતાં ભવ્ય જીવનું ભવ્યત્વપણું નષ્ટ નથી થતું. ભવ્યત્વપણું સદાય યથાવત રહે છે.

**પદાર્થોનું ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ**

**" उत्पाद व्यय-ध्रौव्य-युक्तं सत् "**

જેને દ્રવ્ય–સત્–પદાર્થ, અર્થ, ભાવઆદિ પર્યાયવાચી નામથી ઓળખવામાં આવે છે તે વસ્તુ કહેવાય છે. આ વસ્તુ બે પ્રકારની છે. એક તો સત્ અને બીજી અસત્. સત્ કોને કહેવાય તે આ લક્ષણમાં જણાવવામાં આવ્યું છે. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય યુક્ત જે હોય તેને સત્ (વિદ્યમાન) દ્રવ્ય કહેવાય. અર્થાત્ જે ઉત્પત્તિશીલ, નષ્ટ સ્વભાવી અને નિત્યસ્વરૂપે રહેનાર હોય તે સત્ દ્રવ્ય કહેવાય. અને એથી વિપરીત જેમાં આ ઉત્પત્તિ–વ્યય– નિત્ય ત્રણે સ્વરૂપની અવસ્થા ન ઘટતી હોય તે સત્ સ્વરૂપે ન ગણાય. અસત્ કહેવાય. એવી અસત્ વસ્તુ જગતમાં અસ્તિત્વ જ નથી ધરાવતી. અર્થાત્ વસ્તુ હોય અને તેમાં ઉત્પાદાદિ ભાવો ન હોય તે ન સંભવે. અર્થાત હોય જ. ઉત્પાદ=એટલે ઉત્પત્તિ, ઉત્પન્ન થવું. અને વ્યય=એટલે નાશ થવો, વિલય થવું અને ધ્રુવ=એટલે નિત્ય રહેવું.

દ્રવ્ય–ગુણ–પર્યાય. આ વસ્તુનું સ્વરૂપ ત્રણ પ્રકારે છે. ગુણ–પર્યાયવાળો જે હોય તેને જ દ્રવ્ય કહેવાય છે. (गुण-पर्यायवद् द्रव्यम्) પર્યાય એટલે આકાર, આકૃતિવિશેષ. પર્યાય સદાય બદલાતો રહે છે. બદલાવું એટલે ઉત્પન્ન થવું, અને નષ્ટ થવું, નાશ પામવું. એક પર્યાયનો નાશ થાય છે પછી બીજો પર્યાય ઉત્પન્ન થાય છે.

દા. ત., વીંટીની પર્યાય નાશ પામે છે જ્યારે વીંટીને એગાળી નાખીએ છીએ ત્યારે. અને બંગડીની નવો પર્યાય નિર્માણ થાય છે. એટલે એક પર્યાયનો નાશ અને બીજા પર્યાયની ઉત્પત્તિ થાય છે. પરન્તુ આ બન્ને પર્યાયની અંદર રહેનાર મૂળભૂત સોનું જે દ્રવ્ય છે તે તો સદાય નિત્ય (ધ્રુવ) રહે છે. વર્ષો સુધી ગમે તેટલી પર્યાયો બદલાતી રહે, રોજ ઉત્પન્ન થતી રહે અને રોજ નષ્ટ થતી રહે તો પણ અંતર્ગત દ્રવ્ય તો નિત્ય જ રહેવાનો છે. અને દરેક વસ્તુનું દ્રવ્યત્વ તો નિત્ય (ધ્રુવ) જ હોય છે. અહીંયાં પ્રસ્તુત વિષયના અનુસંધાનમાં વિચાર કરીએ. મોક્ષ એ તત્ત્વ છે. સ્વતંત્ર તત્ત્વ છે. તો તે મોક્ષ નિત્ય છે ? કે અનિત્ય છે? સાદિ છે કે શાન્ત છે? ઈત્યાદિ વિચારણા કરવાની છે–

**મોક્ષ નિત્ય છે કે અનિત્ય ?**

**को वा निच्चग्गाहो सव्वं चिय विभव भंग ठिइमइयं !**
**पज्जायंतरमेत्तप्पणादनिच्चाइववएसो ॥ १८४३**

મોક્ષે ગયેલો મુકતાત્મા એકાન્ત નિત્ય છે એવો પણ આગ્રહ શા માટે રાખવો ? હે મંડિક. જો તું આ પ્રમાણે પૂછતો હોય તો કહેવાનું કે એકાન્તે નિત્ય છે તો આગ્રહ શા

માટે રાખવો ? આ તારી વાત બરોબર છે. એકાન્તે અનિત્ય છે આવું બોલનારા અનિત્યવાદીને નિરુત્તર કરવાના હેતુથી જ અત્રે એમ કહેવામાં આવે છે કે મોક્ષ, મુકતાત્મા એકાન્તે નિત્ય છે. પરંતુ હે મંડિક !

વાસ્તવમાં તો પ્રત્યેક વસ્તુમાત્ર નિત્યાનિત્ય છે. સાપેક્ષભાવે જોવી જોઇએ અને સાપેક્ષભાવે જોતાં વસ્તુમાત્ર પર્યાયની ઉત્પત્તિ- નાશની દૃષ્ટિએ અનિત્ય અને દ્રવ્યત્વની દૃષ્ટિએ નિત્ય જ હોય છે. જેમકે એક ઘડો છે. માટીમાંથી બન્યો. આ તેની ઉત્પત્તિ. અને એક દિવસ ઘડો ફૂટી ગયો. બન્યો અને ફૂટયો અર્થાત ઉત્પત્તિ અને વ્યય (નાશ) આ બન્ને પર્યાયની અવસ્થા છે. પરન્તુ આ બન્ને પર્યાયોની અવસ્થામાં પણ માટી દ્રવ્ય તો નિત્ય જ રહ્યું ને ? બનવું, (ઉત્પન્ન થવું) ફૂટવું (નષ્ટ થવું) આ દૃષ્ટિએ ઘડો અનિત્ય છે. અને માટી દ્રવ્યની અપેક્ષાએ ઘડો નિત્ય છે. અર્થાત એક જ ઘડો નિત્ય પણ છે અને અનિત્ય પણ છે.

એ જ પ્રમાણે મોક્ષે ગયેલ મુક્તાત્મા પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુકત છે. એક જીવ સંસારીરૂપે (સંસારી પર્યાયથી) નાશ પામે છે. (વ્યય) અને મુક્તપણે, સિદ્ધપર્યાયપણે ઉત્પન્ન થાય છે. એક પર્યાય (સંસારી પર્યાય) નો નાશ અને બીજો પર્યાય (સિંહ પર્યાય) રૂપે ઉત્પત્તિ, અર્થાત આ બન્ને પર્યાયાન્તરમાં પર્યાય પરિવર્તનમાં અનિત્યતા આવી અને ઉપયોગાત્મક આદિ જીવ ગુણની દૃષ્ટિએ તો જીવ મોક્ષમાં નિત્ય જ રહેવાનો છે. જીવત્વ, આત્મત્વ દ્રવ્યરૂપે આત્મા અનન્ત કાળ માટે મોક્ષમાં નિત્ય જ

રહે છે. આ પ્રમાણે પર્યાયની અપેક્ષાએ અનિત્યત્વ, અને મૂળભૂત દ્રવ્યત્વની અપેક્ષાએ નિત્યત્વ. એમ હે મંડિક ! સર્વ વસ્તુમાત્ર એકાન્તે નિત્યપણે નહીં તથા એકાન્તે અનિત્ય પણે નહીં. પરન્તુ નિત્યાનિત્ય છે.એ જ સત્ય પક્ષ સિદ્ધ થાય છે. અને એ જ પ્રમાણે વ્યવહાર થાય છે.

**આત્માનો મોક્ષ ક્યારે થાય છે ?**

મોક્ષ = મો + ક્ષ 'મો'='મોહાદિ, 'ક્ષ'=ક્ષય. (નાશ) **मोहादिनां क्षयो मोक्ष.** : " । મોહાદિભાવોનો સર્વથા નાશ થઈ જવો તેનું નામ છે મોક્ષ. એ મોહાદિ શું છે ? કર્મ છે. મોહનીયકર્મ મુખ્ય છે. આઠ કર્મોમાં આ કર્મોનો રાજા છે. એટલે પ્રથમ એનું નામ લીધું અને પછી આદિ શબ્દ જોડયો. આદિથી બીજાં સાતે કર્મો સમજવાનાં. એટલે જ સ્પષ્ટ કહ્યું છે કે – "**कृत्स्नकर्मक्षयो मोक्षः**" **कृत्स्न** = એટલે સંપૂર્ણ, સર્વ, સર્વથા. અર્થાત સર્વથા સર્વ કર્મોનો સંપૂર્ણપણે ક્ષય—નાશ થાય તો જ મોક્ષ મળે. કર્મયુકત આત્મા સંસારી કહેવાય અને કર્મ રહિત જીવ મુકત કહેવાય છે. આત્માને મુકત કરવો અર્થાત કર્મસહિતને કર્મ રહિત કરવો. બસ, એનું જ નામ મોક્ષ.

ગ્રહણ અવસ્થામાં સૂર્યનું વિમાન જેમ રાહુના વિમાનથી ગ્રસિત થાય છે તેમ આત્મા પણ કર્મથી ગ્રસિત થાય છે. કર્મથી બંધાય છે. એ જ આત્મા અને કર્મનું ગ્રહણ છે. સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ તો સારુ કારણ કે થોડી મિનિટોમાં કલાકોમાં તે છૂટી તો જાય છે. પરન્તુ આત્મા અને કર્મની સાથેનું ગ્રહણ બહુ જ ખરાબ છે. અનાદિ કાળથી

આત્મા અને કર્મનું ગ્રહણ થયેલું છે. અને અનન્તા વર્ષો વીતી ગયા છતાં હજુ આ ગ્રહણનો મોક્ષ (છુટકારો) થયો નથી. હે મંડિક! તને એમ જે શંકા છે કે આત્માનો કર્મની સાથેનો બંધ–મોક્ષ નથી થતો. પરંતુ ના. એમ નથી. ભલે ભૂતકાળમાં અનન્તા વર્ષો વીતી ગયા છતાં પણ ભવ્યાત્મા એક દિવસ સર્વ કર્મનો ક્ષય (નાશ) કરીને સદાના માટે મોક્ષ પામી પણ જાય છે અને હે મંડિક! આજ દિવસ સુધી અનન્તા આત્માઓ મોક્ષ પામી ચૂકયા છે.


## કર્મ ક્ષય (મોક્ષ) કેવી રીતે થાય છે?


મોક્ષ એટલે છૂટકારો. વિયોગ, છુટા થવું. કર્મ મોક્ષ એટલે કર્મનો છુટકારો કયારે થાય? કેવી રીતે થાય? અર્થાત આત્મા અને કર્મનો જે સંયોગ થયેલો છે તેનો સદંતર સર્વથા વિયોગ કયારે થાય? કેવી રીતે થાય? અર્થાત કર્મનો ક્ષય કેવી રીતે થાય?

ક્ષય એટલે નાશ. નાશ થવું, ક્ષય થવું, મોક્ષ થવું, છૂટકારો થવો, અથવા વિયોગ થવો. આત્માએ જે માર્ગે કર્મો બાંધ્યા છે એનાથી વિપરીત કંઇક એવી પ્રવૃત્તિ (ધર્મ) કરવી જોઇએ જેથી બંધાયેલા કર્મોનો નાશ થાય. જેમ ગુંદર લગાડીને આપણે બે કાગળને ચોટાડયા હોય અને પછી હવે જો ફરી બન્નેને છૂટા પાડવા હોય તો પાણી લગાડીને, અથવા પાણીમાં પલાળી રાખીને અથવા ઉખેડીને એમ ગમે તે પ્રયોગો કરીને પણ બન્નેને છૂટા પાડવા જોઇએ. અને હકીકતમા બન્ને છૂટા પડે છે. એ આપણે અનુભવ કર્યો છે. બસ, તો એવી જ રીતે કંઈક કરીને આત્મા અને કર્મને


છૂટા પાડવા જોઇએ. આ છૂટા પાડવાની ક્રિયાનું નામ છે – "નિર્જરા".

**નિર્જરા એટલે શું ?**



આ ચિત્રમાં બતાવેલા એક પ્રયોગને જોવાથી નિર્જરા શી ક્રિયા છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવી જશે. સર્વ પ્રથમ ઉપર બે પાત્રોમાં જુદા-જુદા દૂધ-અને પાણી સ્વતંત્ર છે. બન્ને પોત-પોતાના મૂળભૂત દ્રવ્ય રૂપે છે. અને ત્યાર પછી આ બન્ને સ્વતંત્ર દ્રવ્યોને એક પાત્રમાં ભેગા કરી નાખવામાં આવે છે. આ બંને




દૂધ + પાણી એકબીજામાં એવાં મળી જાય છે કે પાણીનું તો અસ્તિત્વ જ લોપ થઈ જાય છે. પાણી દૂધમય બની ગયું છે એવુ આપણને લાગે છે. આ જ પ્રમાણે, આત્મા અને કર્મ પણ મળી જાય છે. જ્યારે આશ્રવ માર્ગે ખેંચાઇને આવેલા કર્મો આત્માની સાથે ચોટીને એક રસ થઇ જાય છે. તેને બંધ કહેવામાં આવે છે. આ કર્મનો બંધ ક્ષીર+નીર સંયોગવત્ અર્થાત દૂધમાં પાણી મળે (ભળી જાય) તેવો કહ્યો છે.

હવે આપણે એક પ્રયોગ કરીને આ બન્નેને છૂટા પાડવાના છે. કારણ, પાણીએ દૂધમાં પ્રવેશ કરીને દૂધની શક્તિને ઓછી કરી નાંખી છે. આપણે કહીએ છીએ. આ તો સાવ પાણી જેવું દૂધ છે. આવું દૂધ પીવું એ તો પાણી પીધા બરાબર છે. આ બન્નેમાંથી કોણ છૂટું પડશે ?

જે બહારથી આવીને મળ્યું છે તેને જ છૂટા થવાનું

છે. જે આવ્યું છે તેને જ જવાનું છે. પાણી જ બહારથી આવીને દૂધમાં ભળ્યુ છે. તો તેને જ જવાનું છે. હવે આ મળેલું–ભળી ગયેલું પાણી દૂધથી છૂટું પાડવા માટે એક તપેલામાં લઈને તેને ગરમ કરવા માટે મૂકવું જોઇએ. નીચે બર્નર (Burner) રાખીને અગ્નિ પ્રગટાવીને ગરમ કરવું જોઇએ. હવે જુઓ, ધીમે ધીમે ગરમી તપેલામાં થઇને દૂધ–પાણીમાં પહોંચી.... કોણ ગરમ થશે ? બન્ને દૂધથી છૂટું પડશે. જોજો. માટી અને સોનાને મિશ્રિત અવસ્થામાં ગરમ કરતા માટી છૂટી પડે છે, અને સોનાના કણ કણ ભેગા થઇ જાય છે. અને સોનું બની જાય છે.


તેમ આ પ્રયોગમાં પાણી બળીને વરાળ થઇને ઉપર ઊડતું જશે. દૂધથી છુટું પડીને વરાળ થઇને નીકળતું જશે... જેટલું વધારે ગરમ કરશું એટલો પાણીનો ભાગ બળીને છુટો પડતો જશે. આ જે વરાળ થઈને જવું, છુટું પડવું તેને નિર્જરા કહેવાય છે. નિર+જરા નિર ઉપસર્ગ પૂર્વક જરા ધાતુ છે.

જરા=એટલે ઘડપણ. વૃદ્ધાવસ્થા કહો કે જરાવસ્થા કહો. જરાવસ્થામાં ચામડી જરવા માંડે છે. શિથિલ થઈ જાય છે, ખરવા માંડે છે. તેમ આત્મા ઉપર બંધાયેલાં કર્મો પણ ખરવા માંડે, ખરવા માંડે તેનો નિર્જરા કહેવાય છે. કર્મક્ષયના અર્થમાં નિર્જરા શબ્દ રૂઢ થઈ ગયો છે.


આ પ્રયોગની જેમ દૂધના સ્થાને આત્મા છે. પાણીના સ્થાને કર્મ છે જે બહારથી આવીને કાર્મણ વર્ગણા રૂપે


આત્માને ચોટીને બન્યા છે. અને આત્માને રહેવાનો આધાર સ્થાન આ સંસારમાં શરીર છે. શરીર વિના આત્મા સંસારમાં રહી શકતો નથી. આ શરીર જીવાત્મોને આધારરૂપે મળ્યું છે. આત્મા તો અદૃશ્ય–અરૂપી તત્વ છે. એટલે એને તો કોઇ ને કોઈ આધાર ગમે તેવુ શરીર જોઇએ જ. અને આ શરીરના માધ્યમથી એવો પ્રયોગ કરવો જોઇએ કે જેથી અંદરથી આત્મા ઉપર રહેલા કર્મો ક્ષય થતા જાય.

તપેલાના સ્થાને આપણું શરીર છે. અને તે તપેલામાં દૂધ–પાણીની જેમ શરીરમાં આત્મા અને કર્મ છે. પ્રાયમસ ઉપર તપેલુ મુકાય છે. પ્રાયમસમાંથી તાપ (અગ્નિ) નીકળે છે. અને તે દૂધ–પાણીમાં જશે કયાંથી ? તપેલામાં થઈને જ. તો પહેલા તપેલુ જ ગરમ થશે કે પાણી ? પહેલાં તપેલું જ ગરમ થશે. એમ (તાપ) તપ રૂપી અગ્નિ પ્રગટ કરવાથી સર્વ પ્રથમ અગ્નિ શરીરને અસર કરશે. શરીર માધ્યમ છે. માટે પહેલા શરીર વડે જ તપ કરવાનું કહ્યું છે. શરીર થકી જે તપ કરશું તેમાંથી નિર્માણ થયેલો અગ્નિ-તાપ–અંદર આત્મામાં પહોંચશે. અને આત્માનો સ્પર્શ થયા પછી તેમાં રહેલા કર્મનો તપાવશે (દૂધમાં જેને પાણીનો તપાવે છે તેમ) આત્મા તપીને લાલચોળ થશે. અને જેમ પાણી વરાળ થઇને ઉડી જાય છે. તેમ આત્મા ઉપર લાગેલ કાર્મણુવર્ગણા જે કર્મ રૂપે પરિણમે છે તે બળીને રાખ થતી જશે. અને ખરીને




આત્માથી છૂટી પડતી જશે. બસ, આનું જ નામ છે નિર્જરા. આત્મા છે. તેમાં જે બહારથી આવીને કાર્મણ વર્ગણા ચોંટી હતી. અર્થાત આશ્રવના માર્ગે જે કાર્મણ વર્ગણાના પ્રદેશો આત્મામાં આવીને બંધ રૂપે બંધાઇને જે આત્માની સાથે એકરસ થઈ ગયા હતા. તે કર્મ પુદ્‌ગલપરમાણુઓ તથા પ્રકારના તપ આદિ દ્વારા નિર્જરા કરતા કરતા ખરે છે. ખપે છે. નાશ પામે છે.




આ ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે, આત્મા છે અને તેમાં કાર્મણ વર્ગણાના પ્રદેશોની આવ–જા દેખાય છે. આત્મા કર્મ પ્રદેશોથી

ભરેલો છે. ઉપરથી જોતાં ફરી કાર્મણ વર્ગણાના પુદ્‌ગલ પરમાણુઓ આત્મામાં આશ્રવ માર્ગે આવે છે. અને ફરી આત્મા કંઈક તપાદિ દ્વારા નિર્જરા કરે છે. અને કર્મ ખપે છે. અર્થાત આત્મા ઉપરથી જરી જાય છે. નિર્જરીને છૂટા પડે છે. પરન્તુ બધા જ નથી નિર્જરી જતા. પર્યૂષણ મહાપર્વમાં અઠ્ઠાઈ, માસખમણની તપશ્ચર્યા કરી હોય અને એનાથી થોડી ઘણી કર્મ નિર્જરા થઈ હોય. પરન્તુ પારણા પછી બધુ જ છૂટથી ખાવાથી કર્મ બંધ થતો જતો હોય.

જેમ પ્રાયમસ ઉપર દૂધમાં ઊભરો આવે અને એટલામાં તો આપણે ફરી પાણી નાંખીએ છીએ. જે પાણીને બાળવા માટે તો દૂધને ગરમ કરવાની મહેનત આપણે કરી રહ્યા હતા, તે જ દૂધમાં ફરી પાણી નાંખ્યુ. હવે વિચાર કરો, દૂધની કેવી સ્થિતિ થઈ? અને આ જ પ્રમાણે ૧ વાર, ૨ વાર, ૩ વાર, ૪ વાર ચાલ્યા જ કરે. દૂધ ઉભરે આવતું જ જાય અને તમે પાણી નાંખે જ રાખો અને બાળે જ રાખો તો શું કોઈ કાળે પણ એનો છેડો–અન્ત આવે એમ છે? ના. શકય જ નથી.

એ જ પ્રમાણે આત્મા પણ કર્મની નિર્જરા કરે છે. અને થોડાં-કર્મ ખપે છે. થોડી નિર્જરા થાય છે. ત્યાં તો આત્મા ફરી કર્મ બંધની પ્રવૃત્તિ કરે છે. અને પાછા કર્મ બંધાય છે. બંધ પછી નિર્જરા અને નિર્જરા પછી બંધ આ જ ક્રમ અનન્તા વર્ષોથી ચાલ્યા જ કરે છે.

## શું નિર્જરા એટલે જ મોક્ષ ?

ના. જો નિર્જરા એ જ મોક્ષ હોત તો તત્વો નવ કેમ કહ્યા. ? નિર્જરા અને મોક્ષ એક જ હોય તો તત્વો આઠ થાત. નિર્જરાથી મોક્ષ ? કે મોક્ષ થીનિર્જરા ? નિર્જરાથી મોક્ષ. બરોબર છે. મતલબ આ બન્નેમાં પણ કાર્યકારણ ભાવ છે. નિર્જરા એ કારણ છે. અને મોક્ષ એ કાર્ય છે. જેમ ધૂમાડા અને અગ્નિમાં ધૂમાડો એ કાર્ય છે અને અગ્નિ એ કારણ છે.

જ્યાં જ્યાં કાર્ય હોય ત્યાં કારણ હોય કે જ્યાં કારણ હોય ત્યાં કાર્ય હોય ? કાર્ય હોય તો કારણ હોય કે કારણ હોય તો કાર્ય હોય ?

સ્પષ્ટ જ છે કે કાર્ય ધૂમાડો હશે તો અગ્નિ અવશ્ય જ હશે. પણ અગ્નિ હશે તો ધૂમાડો હોય કે ન પણ હોય. એ જ પ્રકારે નિર્જરા કારણ છે. માટી કારણ છે. ઘડો કાર્ય છે. માટી હોય તો ઘડો હોય કે ન પણ હોય પરન્તુ ઘડો હોય તો માટી ચોક્કસ હોય. તેમ નિર્જરા તો કારણ છે. નિર્જરા થાય ત્યારે મોક્ષ ન પણ થાય. કારણ કે આંશિક નિર્જરા થઇ છે. થોડા જ પ્રમાણમાં નિર્જરા થઇ છે.

થોડી થોડી નિર્જરા તો રોજ થાય છે. પરન્તુ એટલે-થી મોક્ષ નથી થતો. માટે જ તત્વાર્થ સૂત્રમાં ઉમાસ્વાતિ ભગવંતે મોક્ષનું લક્ષણ દર્શાવતા સૂત્રમાં– **कृत्स्न कर्मक्षयो मोक्ष**' આમાં 'કૃત્સ્ન' વિશેષણ મૂક્યું છે. કૃત્સ્ન એટલે સર્વ કર્મો-ની સર્વથા સંપૂર્ણ પણે નિર્જરા થવી જોઇએ. તો જ મોક્ષ મળશે. અન્યથા નહીં.

કેટલા કર્મોની ? આઠે–આઠ કર્મોની પૂર્ણ પણે નિર્જરા થાય તો જ મોક્ષ મળે. અને જો બધા કર્મોની નિર્જરા ન થાય તો મોક્ષ નહીં મળે. નિર્જરા કહેવાશે. પરન્તુ આંશિક નિર્જરા, અલ્પ નિર્જરા.

હા એ પણ વાત ચોક્કસ છે કે જયારે ક્યારે પણ કોઈનેય મોક્ષ મળશે ત્યારે નિર્જરાથી જ મળશે. જેમ જયારે પણ ધૂમાડો નીકળશે તો અગ્નિ થકીજ નીકળશે. અગ્નિ વિના ધૂમાડો નહીંજ નીકળે તેમ મોક્ષ નિર્જરા વિના સંભવ જ નથી. એટલે મોક્ષ મેળવવા માટે નિર્જરા કરવી જ પડશે. અને તે પણ સંપૂર્ણ 'સવ્વપાવપ્પણાસણો' એ જ સાધકનો લક્ષ હોવો જોઇએ. સર્વ પાપ કર્મનો નાશ કરવો એજ ધર્મનો લક્ષ્ય છે. હેતુ છે. સાધ્ય છે. મોક્ષ એનું ફળ છે. મોક્ષ મેળવવાનો લક્ષ્ય હોય તો નિર્જરા કર્યા વિના છૂટકોજ નથી. નિર્જરા વિન. ચાલશે જ નહી.

## નિર્જરા કેવી રીતે કરવી ?

નિર્જરા

સકામ નિર્જરા | અકામ નિર્જરા

નિર્જરા બે રીતે થાય છે. સ+કામ= સ્વેચ્છા પૂર્વક કામ=એટલે ઇચ્છા. સ્વયં પોતાથી પ્રબલ ઇચ્છાથી કરે તેને સકામ નિર્જરા કહેવાય છે. દા. ત. ખાવાનું છે. છતાં ઉપવાસ આયંબિલ–વગેરે તપ કરે છે. તે સકામ નિર્જરા કહેવાય.

અને અનિચ્છાએ, પરાણે કરતો હોય તે અકામ નિર્જરા કહેવાય. ભૂખ લાગે છે. ખાવુ છે. પરંતુ શું થાય ? તાવ છે. ડોકટરે ના પાડી છે. માટે નથી ખાતો અને ભૂખ–તરસ સહન કરેછે તેને અકામ નિર્જરા કહેવાય છે. ગમે તેમ કોઇ પણ રીતે એ જીવે પણ ભુખ–તરસ સહન તો કરી છે ને ? ખાધુ તો નથી ને ? તો એને પણ નિર્જરા જરૂર થશે. પરંતુ તે અકામ, અનિચ્છાએ થશે. તેનું પ્રમાણ બહુ જ થોડુ હોય છે. વૃક્ષ–ઝાડ–પાનાદિ વનસ્પતિ કાયના એકેન્દ્રિયો આદિના જીવો અનિચ્છા છતાં પરાણે દુઃખ સહન કરે છે તે અકામ નિર્જરા જ કરે છે. અને અકામ નિર્જરા કરતા કરતા જ તે જીવો એકેન્દ્રિય પણામાંથી નિકળીને આગળ વધે છે. અને પંચેન્દ્રિય પણા સુધી પહોંચે છે. મનુષ્ય થઇને સંજ્ઞી–પંચેન્દ્રિય પર્યાપ્ત મનુષ્ય થઇને સ્વયં સ્વ ઇચ્છાથી તપાદિ કરીને સકામ નિર્જરા કરી શકે તો જ ઉત્તમ નિર્જરા કરીને કર્મ ક્ષય કરીને મોક્ષ પામી શકે છે.


## સકામ નિર્જરા કેટલી રીતે ? –

સકામ નિર્જરા

| બાહ્ય ૬ પ્રકાર | | | | | | આભ્યંતર ૬ પ્રકાર | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

સ્વયં જે સ્વેચ્છાથી નિર્જરા કરવાની છે તે બાહ્યય અને આભ્યંતરના ભેદથી બે પ્રકારે છે. (૧) જેમાં બાહ્યય

શરીરના આલંબન ની પ્રાધાન્યતા છે. અને તેના વડે જે ઉપવાસ આદિ તપ કરવા પૂર્વક જે કર્મનિર્જરા કરવામાં આવે છે. તે બાહ્ય બાહ્ય નિર્જરા કહેવાય છે. આ બાહ્ય પ્રકારની સકામનિર્જરા ૬ પ્રકારે છે. નિર્જરા તપ વડે થાય છે.




अणसणमूणो अरिया वित्तीसंखेषणं रसच्चाओ ।
कायकिलेसो संलीणया य बज्झो तवो होइ ॥

(૧) **અનશન**– **અશન** એટલે આહાર અને અનશન એટલે આહારનો ત્યાગ અર્થાત ઉપવાસ. અશન, પાન, ખાદિમ તથા સ્વાદિમ આદિ ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવાપૂર્વક જે ઉપવાસ તપ કરવામાં આવેછે તે ચઉ વિહાર ઉપવાસ કહેવાય છે. અને અચિત જલ (ઉકાળેલું પાણી)ની છૂટ રાખીને જે ઉપવાસ કરવામાં આવે છે તે તિવિહાર ઉપવાસ. પરંતુ પાણી સિવાયના ત્રિવિધ–ત્રણે પ્રકારના આહારનો સદંતર ત્યાગ કરીને કરવામાં આવતો ઉપવાસ તિવિહાર ઉપવાસ કહેવાય છે. આત્મા દેહ રાગને આધીન થઇને આહારાદિની પ્રવૃત્તિના નિમિત્તે જે કર્મ બાંધતો હતો, હવે આ ઉપવાસાદિ બાહ્ય તપ કરવાથી તે કર્મો નહીં બંધાય તથા જૂનાં કર્મોની નિર્જરા થશે.

(૨) **ઉનોદરી તપ**—

ઉદર એટલે પેટ. ખાઇએ છીએ ત્યારે પેટ ભરાય છે. ખોરાક પેટમાં જાય છે. કેટલું ખાવું ? પેટ ભરીને ? કુલ પેટ ભરીને ખાઇએ તો તે પૂરોદરી કહેવાય. જે ઘણાં રોગો આદિનું કારણ છે. પરંતુ તેની સામે ઉણોદરી એ તપ છે. આપણા આહારના પ્રમાણ કરતા ઓછુ ખાવુ. અર્થાત આપણો આહાર ૩૨ કોળીયા, તથા સ્ત્રીનો આહાર ૨૮ કોળીયા પ્રમાણ કહ્યો છે. તો તેથી થોડુ ઓછુ ખાવુ તે ઉણોદરી તપ કહેવાય. કારણ આટલી પણ ઇચ્છાનો નિરોધ તો કરવો જ પડયો છે.

(૩) **વૃત્તિ સંક્ષેપ તપ**– વૃત્તિ એટલે માનસિક વૃત્તિ વિશેષ. ભોજન–પાણી વગેરે વૃત્તિ. જમવા બેસીએ ત્યારે તો ભોજનમાં સંભવ છે ૫૦ વાનગીઓ પણ હોય. પરંતુ એ ૫૦ વાનગીઓ

જોઈને આપણું મન ઊછળે છે. આ ખાઉં કે આ...? આ લઉં કે આ? એવા ટાઈમે ઉછળતી ઇચ્છાનો નિરોધ કરવા માટે વૃત્તિસંક્ષેપ તપ છે. ઇચ્છાને રોકવી, મર્યાદા બાંધવી તે આ વૃત્તિસંક્ષેપ તપ છે. ૫૦ માંથી મારે ૧૦ જ ખાવી છે., ૫ જ ખાવી છે. બસ, મારું પેટ ૫–૧૦ વસ્તુઓથી ભરાઈ જશે. શા માટે વધારે ખાવી? આ પ્રમાણે મનને સમજાવીને ઇચ્છાની મર્યાદા કરી વસ્તુની સંખ્યા ઘટાડવી તે વૃત્તિસંક્ષેપ તપ કહેવાય. પ્રભુ મહાવીરે ૫ માસ અને ૨૫ દિવસના ઉપવાસ તપનું પારણું ફક્ત અડદના બાકળાથી જ કર્યું હતું, એમ મનને સમજાવવું.

**(૪) રસ ત્યાગ**– ભોજનમાં ખારો, મીઠો, કડવો, તીખો, તૂરો, ખાટો વગેરે ૬ રસો છે, ષડરસ ભોજન કહેવાય છે. આ રસોનો સ્વાદ માત્ર જીભને થાય છે. અને જીભને જો ન ગમે તો રાગ–દ્વેષ–કલેશ કષાયના નિમિત્તો ઊભાં થાય છે. એટલા માટે આત્માને આ કલેશ – કષાય – રાગ–દ્વેષોથી બંધાતાં કર્મથી બચાવવા માટે આ જીભના સ્વાદોનાં તોફાન જ ઓછા કરીએ અથવા બંધ કરીએ તો કેટલું ઉત્તમ. અને સાથે સાથે એમાંથી ઘી, દૂધ, ગોળ, તેલ, કડાવિગઈ આદિ ૬ વિગઈઓનો પણ ત્યાગ કરવામાં આવે તો કેટલુ સારૂં. ૬ વિગઈના ત્યાગપુર્વકના અને રસત્યાગપુર્વકના આહારને નીરસ આહાર કહેવાય છે. એવો આહાર તે આયંબિલ તપ રૂપે ગણાય છે– જેનાથી ઈચ્છા ઉપર નિયંત્રણ થાય છે. અને તેથી ઘણી કર્મનિર્જરા થાય છે. નિર્જરા માટે આ પણ ઉત્તમ બાહ્ય તપ છે.

**(૫) કાયક્લેશ તપ—**

કાયા એટલે શરીર. શરીર અને આત્મા તદ્દન જુદા છે. કાયા જડ છે. આત્મા ચેતન છે. ચેતન થોડા દિવસ માટે આ માટીની કાયાના ઘરમાં રહેવા માટે આવ્યો છે. અને એ જ કાયા અહીંયાં જ છોડીને જીવે જવાનું છે. અને કાયા અગ્નિમાં બાળીને રાખ કરી નાખવી પડે છે. તો આવી નાશવંત ક્ષણિક અશુચીની ભરેલી આ કાયા ઉપર રાગ ન થઈ જાય, જેથી ભારે કર્મો ન બંધાઈ જાય તે માટે આત્માએ આ કાયાને થોડું કષ્ટ પડે તે રીતે પણ કરવુ જોઇએ. કેશલોચ, વિહાર, ઠંડી, તડકો, તાપ સહન કરવો, ખુલ્લા પગે તાપમાં ચાલવુ વગેરે તથા વીરાસન, પદ્માસનાદિ આસનો કરીને કાયાને નિશ્ચલ સ્થિર કરવાથી પણ દેહરાગ, દેહભાવ ઘટે છે. અને એનાથી દેહના મમત્વની ઈચ્છા ઘટે છે. માટે આ કાયક્લેશને પણ તપ કહ્યું છે. આત્માને દેહ ભિન્નતાની અનુભૂતિ થાય. દેહભિન્નતાનું સાચું તત્વજ્ઞાન થાય. જેથી દેહના નિમિત્તે આત્મા પાપ કરતો અટકે. માટે આ કાયકલેશ એ તપ છે.

**(૬) સંલીનતા તપ—**

સંલીનતા એટલે સંકોચન. શરીરના અંગોપાંગાદિ સંકોચીને રાખવાં. તે રીતે શયનાદિ કરવું. વગેરે સંલીનતા છે. આ સંલીનતા બે પ્રકારે છે.


**૧ ઇન્દ્રિય સંલીનતા**— અર્થાત ઇન્દ્રિયોને તેવા વિષયોમાં જતી અટકાવીને સંકોચી રાખવી તે. અને બીજી

**૨ કષાય સંલીનતા**— ક્રોધ, માન–માયા, લોભ આદિ કષાયોને ઉદયમાં ન આવવા દેવા, તેમને સંકોચી રાખવા તે

કષાય સંલીનતા. બીજી રીતે મન, વચન, કાયાના યોગોને આશ્રવ માર્ગે ન જવા દેવા તે યોગ સંલીનતા, તથા સંયમમાં બાધા ન પહોંચે તે રીતે જ્ઞાન-દર્શનાદિમાં લીન રહેવું તે પણ સંલીનતા બાહ્ય તપ છે. તેથી પણ કર્મ નિર્જરા થાય છે.

**આભ્યંતર તપ**

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| પ્રાયશ્ચિત્ત | વિનય | વૈયાવચ્ચ | સ્વાધ્યાય | ધ્યાન | કાયોત્સર્ગ |



આભ્યંતર તપમાં કાયાની પ્રાધાન્યતા નથી. બાહ્ય પરિબળો ગૌણ છે. અને મન– આત્માના નિમિત્ત પ્રધાન છે. તેને આભ્યંતર તપ કહેવામાં આવે છે. જેમાં મન કેન્દ્ર સ્થાનમાં રહે છે, અને મન એવી પ્રવૃત્તિમાં પરોવાઈ જાય કે જેથી આત્માને કર્મ બંધાવા નથી દેતો. ઉપરથી કર્મની નિર્જરા કરાવે છે તેને આભ્યંતર તપ કહેવાય છે. આ આભ્યંતર તપ ૬ પ્રકારે છે. આ ચિત્રમાં તેના ૬ પ્રકારો દર્શાવવામાં આવ્યા છે.

## (૧) પ્રાયશ્ચિત્ત –

આત્માને બંધાયેલા કર્મથી મુકત કરવા માટે પ્રાયશ્ચિત્ત એ પ્રથમ માર્ગ છે. પ્રાયાશ્ચિત્તમાં પ્રવેશ કરવા માટે પશ્ચાતાપનું પ્રવેશ દ્વાર છે. આ પશ્ચાતાપના માર્ગે જ પ્રાયશ્ચિત્ત કરી શકાય છે. પશ્ચાત્તાપ વિનાનું પ્રાયશ્ચિત્ત કેટલી નિર્જરા કરાવશે ? ભૂતકાળમાં કરેલા પાપ કર્મોના નાશ માટે આભ્યંતર તપમાં પ્રાયશ્ચિત્ત એ પ્રથમ પ્રકાર છે. પ્રાયશ્ચિત્તથી પાપનાશ અને આત્મશુદ્ધિ થાય છે. જેમ સાબુથી કપડાં ધોવાય, કપડાં ઉપરનો મેલ ધોવાઇ જાય છે, તેમ પ્રાયશ્ચિત્તાદિ તપથી આત્મા ઉપરનો કર્મમળ ધોવાતાં આત્મા શુદ્ધ થાય છે. પ્રાયશ્ચિત્ત ૧૦ પ્રકારના કહ્યાં છે.

## (૨) વિનય –

વિનય વડે પણ કર્મની અદ્ભુત નિર્જરા થાય છે. માટે વિનયનો પણ આભ્યંતર તપમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વિનય એક મહાન ગુણ છે. સર્વ ગુણોની મૂળ ખાણ છે.

વિનયમાં નમ્રતાનો ભાવ છે. જેમ એક બીજ નાનકડું હોય છે અને તેમાંથી એક વિશાળ વૃક્ષ થાય છે તેમ નાનામાં નાના વિનયમાંથી ક્રમશઃ મોક્ષ પ્રાપ્તિ થાય છે. વિનયમાંથી ગુરુ-શુશ્રુષા, તેથી શ્રુતજ્ઞાન,-વિરતિ-તેથી આશ્રવનો નિરોધ અર્થાત સંવર, સંવરથી તપપૂર્વક નિર્જરા, નિર્જરાથી ક્રિયા નિવૃત્તિ તેથી અયોગીપણું અને યોગ નિરોધપૂર્વક્ના અયોગીપણાથી ભવપરંપરાનો નાશ અને તેથી આત્માને મોક્ષનું ફળ પ્રાપ્ત થાય છે. આવી ફળ પરંપરાને ઉત્તરોત્તર પ્રાપ્ત કરાવવાંનો મુખ્ય આધાર વિનય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, મન, વચન. કાયા તથા ઉપચાર વિનય એમ વિનયના ૭ પ્રકાર કહ્યા છે.

## [૩] વૈયાવચ્ચ—


વૈયાવચ્ચ એટલે સેવાભકિત. વૈયાવચ્ચ અપ્રતિપાતિ ગુણ છે. ઘણા જીવોમાં આ ગુણ જોવા પણ નથી મળતો અને કેટલાકમાં વિશિષ્ટ કક્ષાએ જોવા મળે છે. આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષક, ગ્લાન, ગણ, કુલ, સંઘ, સાધુ, સમનોજ્ઞ એવા ૧૦ મહાપુરૂષોની વૈયાવચ્ચ સેવાભક્તિ એ આભ્યંતર તપ સ્વરૂપે છે. જે કરનારને મહાન કર્મ નિર્જરા કરાવે છે. આ પ્રમાણે વૈયાવચ્ચના ૧૦ પ્રકાર કહ્યા છે. આનાથી પણ કર્મ ક્ષય થતો હોવાથી તેની ગણના આભ્યંતર તપમાં કરવામાં આવી છે.

## (૪) સ્વાધ્યાય તપ—

"સ્વસ્યાધ્યયનં = સ્વાધ્યાય"

સ્વ એટલે આત્મા. આત્માનું અધ્યયન તે સ્વાધ્યાય. આત્મ-

ચિન્તન. ચિંતા કરનારો કર્મ બાંધે છે. જ્યારે ચિન્તન કરનારો કર્મનો ક્ષય નિર્જરા કરે છે. માટે આ સ્વાધ્યાયને તપમાં ગણવામાં આવ્યો છે. આમ તો લોકો સેંકડો પ્રકારની વસ્તુઓ વાંચે છે. પરંતુ બધી જ કંઈ કર્મ નિર્જરા નથી કરાવતી. ઘણું વાંચન તો કર્મ બંધ પણ કરાવે છે. જ્યારે આત્મ સિદ્ધાંતનું વાંચન, ચિન્તન, મનનાદિ સ્વાધ્યાય કર્મની નિર્જરા કરાવે છે. સ્વાધ્યાય પાંચ પ્રકારનો છે. (૧) વાચના, (૨) પૃચ્છના (૩) અનુપ્રેક્ષા (૪) પરાવર્તના અને, (૫) ધર્મકથા. અજ્ઞાની



આત્મા જેટલી કર્મનિર્જરા વર્ષોમાં પણ નથી કરી શકતો તેથી વધુ જ્ઞાની આત્મા શ્વાસોચ્છવાસ માત્રમાં કર્મની અદ્‌ભુત નિર્જરા કરી શકે છે. સિદ્ધાંન્તનું વાંચન કરવું, તે અંગે પ્રશ્નોત્તરી કરવી. પૂછવું અને જાણવું તે પૃચ્છાના. અનુપ્રેક્ષા એટલે ચિંતન. ભાવનાઓ ભાવવી. ચિંતવવુ. અને તેનું પુનઃ પુનઃ રટણ કરવુ તે પુનરાવર્તન અને તે વસ્તુ તે ગુણ જે મહાપુરૂષોએ આચર્યો હોય તેમના જીવન ચરિત્રની કથાનું શ્રવણ કરતાં કરતાં ધર્મ તત્ત્વ સમજવું તે ધર્મકથા કહેવાય છે. આ પાંચે પ્રકારનો સ્વાધ્યાય કર્મનિર્જરા કારક આભ્યંતર તપ છે. "**स्वाध्यामो परमो तपः**" સ્વાધ્યાયને પરમ તપ કહ્યું છે. સર્વ તપોમાં તે રાજા છે. ઉચ્ચ તપ છે.

(૫) **ધ્યાન** જયારે અગ્નિ પ્રગટ થાય છે ત્યારે બધું જ બાળી નાંખે છે. એ જ પ્રમાણે આત્માની અંદર અધ્યવસાયોની સ્થિરતા લાવીને મન-વચન-કાયાની એકાગ્રતા સાધી શકાય તો તે ધ્યાન બને છે. ધ્યાનને એક પ્રજવલિત અગ્નિ કહે છે. "**ध्यानाग्निना द्रह्यते कर्म**" ધ્યાન રૂપી અગ્નિ વડે કર્મો બાળવામાં આવે છે.

ધ્યાન

- શુભ ધ્યાન
  - ધર્મધ્યાન
  - શુકલધ્યાન
- અશુભ ધ્યાન
  - આર્તધ્યાન
  - રૌદ્રધ્યાન

૪ + ૪ + ૪ + ૪=૧૬

ધ્યાન એટલે માનસિક વિચારધારા. મનનાં પરિણામો

શુભ હોય તો સુંદર કર્મની નિર્જરા થાય અને અશુભ હોય તો કર્મનો બંધ પણ એટલો જ ભારે થાય.

**ષટ્ચક્ર**




ભગવાન મહાવીર સ્વામીએ ૩૦મા વર્ષે દીક્ષા લીધી અને ૧૨॥ વર્ષ સુધીની અદ્ભુત ધ્યાનસાધના કરી. તપ કર્યું કાયોત્સર્ગ કર્યાં. આ બધાથી નિર્જરા કરી કર્મનો ક્ષય કર્યો. અન્તે શુકલ ધ્યાનમાં વીરપ્રભુને કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત થયુ. કર્મનિર્જરા માટે ધ્યાન પણ એક પ્રબળ પ્રકાર છે.

## (૬) કાયોત્સર્ગથી નિર્જરા—


કાયા–શરીર, તેનો ઉત્સર્ગ એટલે ત્યાગભાવ તે કાયોત્સર્ગ. આની મુદ્રામાં સ્થિર ઊભા રહીને કાઉસ્સગ કરાય છે. અથવા એને જિન મુદ્રા પણ કહેવાય છે. દોષોના ત્યાગપૂર્વક આ

કાયોત્સર્ગ થાય છે. અનાદિ કાળથી જીવમાં પડેલો દેહભાવ, દેહરાગ એ બધાનો નાશ કરવા માટે કાર્યોત્સર્ગ ઉત્તમ માર્ગ છે. દેહરાગ, દેહભાવ અને દેહાધ્યાસે આત્માને ઘણાં અશુભ કર્મો બંધાવ્યા છે. એ કર્મોનો નાશ કરવા માટે કાયોત્સર્ગ કરવામાં આવે જેથી કર્મોનો નાશ થઇ શકે. દરેક તીર્થંકર કાયોત્સર્ગ કરે છે. સાધુ, મુનિરાજો કરે છે. શ્રાવક જીવનમાં કરી શકાય છે. દ્રવ્ય કાયોત્સર્ગમાં આહાર, પાણી, ઉપાધિ આદિનો ત્યાગ કરવામાં આવે છે. તે પૂર્વક થતો કાઉસ્સગ દ્રવ્ય કાયોત્સર્ગ. અને અંતરાત્મામાંથી ક્રોધાદિ કષાયોનો પણ ત્યાગ કરવો તે ભાવ કાયોત્સર્ગ છે. દ્રઢપ્રહારીએ કાયોત્સર્ગમાં કેવળજ્ઞાન મેળવ્યું. ગજસુકુમાલ મુનિએ કાયોંત્સર્ગમાં ઉપસર્ગ સહન કરી કેવળજ્ઞાન મેળવી. આત્મ કલ્યાણ સાધ્યું.

**"भवकोडी संचियं कम्म तवसा निज्जरिज्जइ "**

કરોડો ભવનાં બાંધેલાં પાપકર્મો પણ તપશ્ચર્યા અર્થાત આ બાહ્ય અને આભ્યંતર ૧૨ પ્રકારનાં તપ વડે નિર્જરી શકાય છે, ખપાવી શકાય છે. ચારે ગતિમાં પરિભ્રમણ કરતાં જીવને જેટલી વિશેષ અને વધુમાં વધુ કર્મની નિર્જરા કરવાની સુલભતા મનુષ્ય ગતિમાં છે એટલી બીજી કોઇ ગતિમાં નથી. સર્વોત્તમ કર્મની નિર્જરા જીવ મનુષ્ય ગતિમાં જ કરી શકે છે. કારણકે સર્વ પ્રકારના તપાદિની સુલભતા માત્ર મનુષ્ય ગતિમાંજ છે. દેવગતિમાં ચારિત્ર તપાદિ કંઈ છે જ નહીં.

**"कडाण कम्माण न मोक्खोत्ति "** જો નિર્જરા ન કરી તો કર્યા કર્મ ભોગવ્યા સિવાય કોઇ છૂટકારો નથી. નિકાચિત કર્મોની નિર્જરા તપાદીથી નથી થતી. પરન્તુ તે કર્મો તો



નિર્જરા
સકામ નિર્જરા-(તપ)
અકામ નિર્જરા
બાહ્ય તપ
આભ્યંતર તપ
અણસણ
૨
ઈત્વરકાલિક
યાવત્કથિત
ઉણોદરી
૨
બાહ્ય
આભ્યંતર
વૃત્તિસંક્ષેપ
૪
દ્રવ્ય
ક્ષેત્ર
કાલ
ભાવ
રસત્યાગ
૧
૭ વિગઈત્યાગ
કાયક્લેશ
૧
લોચાદિ
વિહાર
મલ
આસન
સંલીનતા
૨
ઈન્દ્રિય સંલીનતા
વિવિક્તચર્યા સંલીનતા
બાહ્યના ભેદ — ૨-૨-૪-૧-૧-૨=૧૨
પ્રાયશ્ચિત્ત
૧૦
આલોચના. પ્રતિક્રમણ મિશ્ર, વિવેક કાર્યોત્સર્ગ, છેદ, અનવસ્થિત, પારાંચિત
વિનય
૭
જ્ઞાન, દર્શન ચારિત્ર, મન, વચન, કાયા, ઉપચાર,
વૈયાવચ્ચ
૧૦
આ. ઉ. સા. તપસ્વી, તપ, લઘુશિષ્યાદિ, ગ્લાન, ભુલ, શ્રાવક, સંઘ, કુલ, ગણ
સ્વાધ્યાય
૫
વાચના
પૃચ્છના
અનુપ્રેક્ષા
પરાવર્તના
ધર્મકથા
ધ્યાન
૪
શુભ
ધર્મ
શુક્લ
અશુભ
આર્ત
રૌદ્ર
કાયોત્સર્ગ
૨
બાહ્ય
(કાયિક)
આભ્યંતર
માનસિક
આભ્યંતરના ભેદ – ૧૦-૭-૧૦-૫-૪-૨=૩૮
કુલ-૧૨-૩૮=૫૦

ભોગવવાં જ પડે. પરન્તુ જે કર્મો નિકાચિત નથી હોતાં તે કર્મો તો કોઇ પણ જીવ તપાદિ વડે ઉદીરણા કરીને ઉદયમાં લાવીને પણ નિર્જરી શકે છે.

આ પ્રમાણે કર્મ ક્ષયથી મોક્ષ થાય છે, અને મોક્ષ પ્રાપ્તિ માટે કર્મક્ષયપૂર્વકની નિર્જરા કરવી જ પડે. અન્યથા મોક્ષ નહીં થાય. માટે જયારે કર્મબંધ તત્ત્વ માનીએ છીએ તો તેની સાથે કર્મ મોક્ષ (ક્ષય-નાશ) પણ અવશ્ય સ્વીકારવો જોઇએ.

જો બંધ માનીએ અને મોક્ષ નહીં માનીએ તો આત્મા સંસારમાં જ પરિભ્રમણ કરતો રહેશે. તેનો કોઈ છુટકારો કે અન્ત જ નહીં આવે અને આત્મતત્ત્વ સ્વીકાર્યા પછી હે મંડિક ! સંસારીને મુક્તિ તો તેની જ અર્થાત આત્માની જ અવસ્થા વિશેષ છે. માણસ માનવો અને પછી તેને નાનો-મોટો ન માનવો એ કેમ ચાલે ? એ જ પ્રમાણે આત્મા માનવો અને તેની સંસારી તથા મુકતાવસ્થા ન માનીએ તો ન ચાલે. અને જો સંસારી તથા મુકતાવસ્થા માનીએ છીએ, સ્વીકારીએ તો તે કયા કારણે સ્વીકારીએ છીએ ? એ બન્ને અવસ્થાનાં કારણ પણ ન માનીએ તો પણ કેવી રીતે સાધ્ય સિદ્ધ થશે ? અગ્નિ વગર ધુમાડો થાય છે આ તો એવી વાત સિદ્ધ થશે પરન્તુ તે તો બનતું નથી.

માટે આત્માની સંસારી અવસ્થામાં કારણરૂપ કર્મ-બંધ તત્ત્વ માનવો પડે અને મોક્ષાવસ્થાની પ્રાપ્તિ માટે કર્મ-મોક્ષ, કર્મની નિર્જરા માનવી જ પડે. કર્મબંધથી જ સંસાર અને કર્મક્ષયથી જ મોક્ષ. આ બન્નેનાં બે કારણો છે. માટે કર્મક્ષય તો સદાય થાય છે.

## શું કર્મ તપથી જ ખપે કે સ્વયં પણ ખપે?

કર્મ ક્ષય કરવા માટે મુખ્ય વિકલ્પ તો તપ જ છે. સ્વેચ્છાએ બાહ્ય–આભ્યંતર તપ કરવાથી તથા તેના પ્રકારના શુભ અધ્યવસાયથી તે તે કર્મની નિર્જરા થાય છે. પરન્તુ જે જીવો મિથ્યા દ્દષ્ટિ અજ્ઞાની છે તેથી એ જીવો તપમાં માનતા જ નથી. સમતાજ જ નથી, કરતા જ નથી. તો તેમના કર્મની નિર્જરા થાય જ નહીં ?

ના. એવું નથી. કર્મ જે આત્મા સાથે બંધાયાં છે તે એક દિવસ તો છૂટાં પડવાનાં છે. પરન્તુ તે ક્યારે ? કે જ્યારે કર્મની અવધિ સમય મર્યાદા પૂરી થઇ ગઇ હોય એટલે તે કર્મ ઉદયમાં આવી પોતાના વિપાક દેખાડીને ખપી જ જવાનાં છે. પછી આત્માની સાથે રહેવાના નથી. દા. ત., આપણને તાવ આવ્યો. કોઇ પણ રોગ થયો. ૨–૪ દિવસ તાવ રહ્યો. આ અશાતા વેદનીય કર્મનો ઉદય. હવે એ ઉદયની કાળ મર્યાદા પ્રમાણે રહેશે. અને પછી પોતાનો વિપાક–એટલે–ફળ–દુઃખ–અશાતા દેખાડીને તે કર્મ ખપી જશે.

પ્રશ્ન — જો આ ક્રમ ચાલતો જ હોય અને બાંધેલાં કર્મો એની મેળે ખપતાં જ હોય તો પછી નિરર્થક તપ કરીને શો ફાયદો ? તો પછી તપ કરવું નકામું ને ?

ના. એમ પણ નથી. તપ વિશેષ કરવાથી તે કર્મની ઉદીરણા થાય છે. એટલે જે કર્મ હજી ઉદયમાં નથી આવ્યું તે કર્મને ખેંચીને ઉદયમાં લાવવું અને તેને તપના ૧૨ પ્રકારમાંથી કોઇ પણ પ્રકારની આરાધનાથી ખપાવી દેવું. હવે

ઉદીરણામાં એ કર્મને જે ૧ વર્ષ પછી, ૨ વર્ષ પછી ૧૦ વર્ષ પછી ઉદયમાં આવવાનું હતું તેને આજે જ લાવીને ખપાવી નાંખ્યું. ઠંડા પાણીએ ખસ ગઇ, કાંટાની વેદના સોયની અણીએ ગઇ. અને એ કર્મ ખપી ગયા પછી હવે ૪, ૮, ૧૦, વર્ષ પછી તમારે એ કર્મનું દુઃખ, તાપ કે અશાતા કંઈ પણ ભોગવવુ નહીં વડે આપણે એ કર્મની સજા, દુઃખમાંથી છૂટી ગયા. આ રીતે કર્મોની ઉદીરણા કરીને તપાદિ વડે સ્વેચ્છાપૂર્વક ખપાવવા આ જ ડહાપણભર્યો માર્ગ છે. અગમચેતી જેવો માર્ગ છે. એના કરતાં વિપરીત કર્મો એના સમયે ઉદયમાં આવે અને એ પોતાનું નાટક પૂરેપૂરો ભજવે. એ વખતે એની સજામાં કેટલું દુઃખ ભોગવવું પડે અને તેમાં સમતા ન રહેતાં બીજાં નવાં કર્મો પણ બંધાય છે. આ પરંપરા ચાલુ જ રહે છે. આના કરતાં તો તપનો આશ્રય લઇ ને ઉદીરણા દ્વારા કર્મની નિર્જરા કરવી એ લાખ ગણો સારો માર્ગ છે. હા. એક વાત અહીંયાં તપના માગમાં પણ ખરી કે તપ કરવાથી પણ નિકાચિત–ગાઢ બંધાયેલાં કર્મોનો પણ ક્ષય નથા થતો. માટે ફક્ત નિકાચિત–ગાઢ બંધવાલા કર્મોને તો તેના સમયે ભોગવવાં પડશે, એના ઉદયે એની સજા દુઃખ ભોગવ્યા પછી જ તે કર્મ ખપશે. એટલે નિકાચિતની વાત જુદી છે. પરન્તુ બધા જ કર્મ નિકાચિત જ હોય છે, એવુ નથી. બીજાં અનિકાચિત કર્મો ઘણાં છે, તેને તપ દ્વારા ખપાવી શકીએ છીએ.

## શું નિર્જરા એટલે મોક્ષ કહેવાય ?

ના. નિર્જરા થાય ત્યારે મોક્ષ થવો જ જોઈએ એવો નિયમ નથી. જ્યારે જ્યારે નિર્જરા થાય ત્યારે મોક્ષ ? કે મોક્ષ થાય ત્યારે નિર્જરા ? ચોક્કસ મોક્ષ થશે ત્યારે તો નિર્જરા અવશ્ય થવાની જ છે. સંપૂર્ણ નિર્જરા થશે તો જ મોક્ષ થશે. પરન્તુ નિર્જરા થશે ત્યારે મોક્ષ થાય કે ન પણ થાય. કારણ, નિર્જરા કેટલા પ્રમાણમાં થઈ છે તે જોવાનું છે.

નિર્જરા

| દેશનિર્જરા | સર્વનિર્જરા |
|---|---|
| દેશ = અલ્પ પ્રમાણમાં થોડા કર્મની નિર્જરા તે દેશ નિર્જરા બધા-સંપુર્ણ કર્મની નહીં. દેશ નિર્જરા મોક્ષ નથી. | સર્વ કર્મોનું સર્વથા સંપુર્ણ પણે જડમૂળમાંથી સર્વાંશે ક્ષય કરવો તે સર્વ નિર્જરા છે. સર્વ નિર્જરાથી જ મોક્ષ છે. |

**देशेन यः संचितकर्मणां क्षयः सा निर्जरा प्राज्ञजनैर्निवेदिता**
**स्यात्सर्वथेयं यदि सर्वकर्मणां, मुक्तिस्तदा तस्य जनस्य –**
**संभवेत ।**

આત્માએ બાંધેલ સંચિત કરેલાં કર્મોની જો દેશ નિર્જરા અર્થાત અલ્પ પ્રમાણમાં નિર્જરા કરીએ તો તેથી મોક્ષ નહીં થાય. પરન્તુ સર્વથા સંપૂર્ણપણે સર્વ કર્મોની નિર્જરા કરીએ તો જ આત્માનો મોક્ષ થાય છે. માટે મોક્ષ અવશ્ય છે. ભવ્ય જીવોને બંધાયેલાં કર્મો એક દિવસ છૂટે તો ખરા ત્યારેજ મોક્ષ થાય. ભૂતકાળમાં એવા અનન્ત આત્માઓ


આ પ્રમાણે સર્વ નિર્જરા કરીને મોક્ષે ગયા છે. એ એનું પ્રમાણ છે, પુરાવો છે. અને માટે જ મહામત્ર નવકારમાં સવ્વપાવપ્પણાસણો સર્વ પાપકર્માનો નાશ કરવાનો લક્ષ રાખવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

## શું નિર્જરા પછી ફરી બંધ થાય ?

નવ તત્ત્વોમાં સાતમા ક્રમે નિર્જરા, આઠમા ક્રમે બંધ અને નવમા ક્રમે મોક્ષ તત્વ વર્ણવવામાં આવ્યાં છે. દેશ નિર્જરા થઈ એટલે મોક્ષ ન જ થાય, થોડી નિર્જરાથી મોક્ષ નથી થતો. પરન્તુ જે કર્મની નિર્જરા થઈ છે, તેની પાછળ બીજાં કર્મો હજી ઘણાં બેઠાં છે. જેમ ઉપર ઉપરથી થર કે પોપડા કાઢતા જઇએ પરન્તુ નીચે એટલા જ થર, પોપડા હજી ઘણા છે. હજી આત્મા જે થરો નીચે દબાયેલો છે તે તો ઘણા છે. એક વસ્તુ ઉપરથી રંગના એકબે થરના પોપડા કાઢવાથી તે વસ્તુ સ્પષ્ટ દેખાવા નથી માંડતી. પરન્તુ તેની ઉપરના સર્વ થરો નીકળી જાય તો જ તે વસ્તુ દેખાય. એ જ પ્રમાણે આપણે આજે ઉપવાસ કે અઠ્ઠાઇ કરી એટલે બધાં જ કર્મો નથી ખપી જતાં. સંભવ છે ઉપરના આછાપાતળા ૧-૨ થર નીકળે ખરા. પરન્તુ આત્મા ઉપર કર્મની રજના અનન્ત થરો જામેલા છે અને એ અનન્ત થરો કર્મના પડને નિર્જરીએ, ખપાવીએ તો જ આત્માનો મોક્ષ થશે.

શું ઘરમાં ઝાડુ કાઢયા પછી નવો કચરો પાછો નહીં આવે ? ચોક્કસ આવશે. માટે જ રોજ સવાર-સાંજ બે વાર ઝાડુ કાઢવું જ પડે છે. સવારે કાઢયું છતાં સાંજે પાછો એટલો જ કચરો નીકળતો જ જાય છે. કારણ રજકણો તો

સતત આવતા જ જાય છે. નિર્જરા કરતી વખતે પણ બીજી બાજુના અશુભ અધ્યવસાયોથી બીજી બાજુ કર્મ બંધ પણ થતો જાય છે. ઉપવાસ કર્યો ત્યારે નિર્જરા થશે પરન્તુ ઉપ-વાસમાં પણ ભોજન કથાની વાતો, મીઠાઈ–ફરસાણની ચર્ચા-વિચારણા, ખાવાની શરત, વગેરેના નિમિત્તો તથા ખાવાના વિચારો, સ્વપ્નાં વગેરે કર્મબંધ પણ કરાવશે.





જ્યાં સુધી કર્મ બંધના મિથ્યાત્વ-અવિરતિ પ્રમાદ–કષાય–યોગના હેતુઓ બંધ ન થાય ત્યાં સુધી તો કર્મ બંધ ચાલુ રહેશે. જેમ કર્મ બંધના હેતુઓ છે તેમ જ કર્મના આગમનના આશ્રવ દ્વારો પણ છે, ઈન્દ્રિય, કષાય, અવ્રત, યોગ ક્રિયા આદિ કર્મના આશ્રવ દ્વારો છે. હવે વિચાર કરો કે આશ્રવ દ્વારો ખુલ્લા છે, અને કર્મ બંધના હેતુઓ પણ બંધ નથી થયા. તેના દ્વાર પણ ખુલ્લા છે. પ્રવાહ ચાલુ છે તો પછી કર્મનો બંધ કેમ નહીં થાય ? થતો જ રહેશે. ભલે આપણે કર્મ ક્ષય માટે નિર્જરા કરતા હોઈએ પરન્તુ તેના સાથે સાથે આશ્રવ માર્ગોનો નિરોધ ન કર્યો હોય, તેને ન અટકાવ્યા હોય અને એ જ પ્રમાણે કર્મ બંધના હેતુઓ પણ બંધ ન કર્યા

હોય તો નિર્જરા પછી પણ ફરી ફરી કર્મ બંધ થવાનો જ. જેમ ઘરના બારી-બારણાં ખુલ્લા રાખીને ઝાડુ કાઢવાની ક્રિયામાં એક બાજુથી કચરો નીકળશે ખરો, પણ બીજી બાજુ ફરીથી હવાથી ઊડીને તે જ કચરો અને બહારથી આવતો નવો કચરો બન્ને આવતા જ જશે. અને ઝાડુ કાઢનાર કાઢતા જ જશે. તો આમાં શું થશે ? શું ઘર સાફ થશે ? ના.

એ જ પ્રમાણે આવી જ અજ્ઞાનભરી ક્રિયા જીવની ચાલુ છે. નિર્જરા પણ કરે છે અને આશ્રવના બારી-બારણા પણ ખુલ્લા રાખ્યા છે, અને કર્મ બંધના હેતુઓ પણ ચાલુ છે. પછી કર્મ બંધથી જીવ કયાંથી બચે ? સંભવ નથી. શકય નથી. કર્મો બંધાતાં જ જશે.

**મોક્ષે ગયા પછી કર્મ કેમ નથી બંધાતાં ?**



**અનન્તાસિદ્ધ ભગવંતો**

**સિદ્ધ શિલા**

**सोऽणवराहो व्व पुणो न वज्झए बंधकारणाभवा ।**
**जोगा य बंधहेउ न य ते तस्सासरीरोत्ति ॥ १८४०**

**कर्म मुक्तिः किल मुक्तिरेव** ખરેખર તો કર્મથી મુકિત (છુટકારો) એ જ ખરેખર મોક્ષ છે. એકવાર આત્મા અથાગ પુરુષાર્થ કરીને આ કર્મના બંધનોથી છૂટી ગયો. હવે જેને મન, વચન, કે કાયા કંઇ જ રહ્યા નથી સદાના માટે અશરીરી થઈને મોક્ષે ચાલ્યો ગયો છે તેને હવે કોઇ બંધનો પ્રશ્ન જ નથી. જે ચૌદરાજ લોકના છેડે આત્મા સિદ્ધશિલા ઉપર સ્થિર થઇ ગયો ત્યાં તેનું મોક્ષસ્થાન છે

સિદ્ધશિલા પણ ચૌદરાજ લોકમાં જ છે. ત્યાં પણ સૂક્ષ્મ એકેન્દ્રિય સ્થાવરના પૃથ્વી,પાણી,અગ્નિ, વાયુના તેમજ સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયના નિગોદના ગોલા પણ ત્યાં છે. અને સાથે સાથે અષ્ટ મહાવર્ગણાં પણ ત્યાં છે. કાર્મણ વર્ગણાના પુદ્ગલ પરમાણુઓ પણ ત્યાં છે. અને આ એકેન્દ્રિયના જીવો ત્યાં પણ કર્મ બાંધે છે. કાર્મણ વર્ગણા ગ્રહણ કરીને કર્મ બાંધે છે. તો પછી જે આત્મા સિદ્ધ થઈ ને સિદ્ધશિલાએ પહોંચ્યા છે તેમને કેમ કર્મ નથી બંધાતા ? સિદ્ધના જીવો પણ ત્યાં છે, અને કાર્મણ વર્ગણા પણ ત્યાં છે. તો પછી ત્યાં તેમને ફરી કર્મ કેમ નથી બંધાતાં ?

એના ઉત્તરમાં ભગવંતે આ શ્લોકમાં ફરમાવ્યું કે, સિદ્ધના જીવોને મન, વચન, કાયા (શરીર) જ નથી. તેથી મિથ્યાત્વાદિ કર્મબંધના હેતુઓ પણ નથી, ઇન્દ્રિયાશ્રવાદિ આશ્રવદ્વારો પણ નથી. તો પછી કાર્મણ વર્ગણા હોવા છતાં પણ કર્મ શા માટે બંધાય ? કર્મ એની મેળે ક્યારેય નથી બંધાતાં. આપણે તથા પ્રકારની રાગ-દ્વેષની પ્રવૃત્તિ કરીએ છીએ તો જ કર્મ બંધાય છે. સિદ્ધના જીવોને તો શરીર, આયુષ્ય, કર્મ, વગેરે કંઇ છે જ નહીં. કહ્યું છે કે–

**सिद्धाणं नत्थि देहो न आउ कम्मं न पाण जोजीओ।**
**साइ- अणंता तेसिं ढिई जिणंदागमे भणिआ ॥**

સિદ્ધાત્માઓને નથી તો શરીર, નથી તો આયુષ્ય તેથી જન્મ–મરણ પણ નથી. નથી તેમને કર્મ, નથી તેમને ઇન્દ્રિય, શ્વાસોશ્વાસાદિ પ્રાણો, અને ઉત્પત્તિ યોનિ પણ નથી અને મોક્ષમાં તેમની સ્થિતિ સાદિ--અનન્ત છે. આ પ્રમાણે

જિનેશ્વર ભગવંતનાં આગમશાસ્ત્રોમાં કહ્યું છે. સાદિ= એટલે પ્રારંભ. શરૂઆત. અને અનન્ત. અર્થાત અંત વિનાની અર્થાત એક વાર મોક્ષ જે ને પ્રાપ્ત કર્યો જેની આદિ- શરૂઆત થઇ ત્યાર પછી કયોરેય તે સિદ્ધાત્માનો અન્ત નથી આવતો. અનન્ત કાળે પણ તેનો અન્ત નથી આવતો. કારણ, ત્યાં કોઇ કર્મબંધ તો છે જ નહિ.

## શું મોક્ષે ગયા પછી જીવો પાછા આવે ?

જેમ હિન્દુ ધર્મશાસ્ત્રોમાં અવતારવાદ બતાવવામાં આવ્યો છે. કહ્યું છે કે, ભગવાન ફરી ફરી અવતાર લે છે. પાછા આવીને જન્મ લે છે અને લીલા કરે છે. ઇત્યાદિ. આ વિચારધારા જિનેશ્વરના શાસનમાં નથી. "अपुनरावृत्ति" જયાં ગયા પછી ફરી નથી આવવાનું તે મોક્ષ છે.

न पुणो तस्स पसूई बीया भावादिंकुरस्सेव ।
बीयं च तस्स कम्मं न य तस्स तयं तओ निच्चो ॥

મંડિકને સમજાવતાં શ્રી વીર પરમાત્માએ કહ્યું, હે મંડિક ! મોક્ષે ગયા પછી જીવનું પુનરાગમન- ફરી આવવા- પણું રહેતું નથી. કારણ, બીજ નો જ અભાવ છે. જેમ બીજ બળીગયું હોય, દાઝી ગયું હોય પછી હવે તેમાંથી અંકુર ન ફૂટે બીજ ઉગે નહીં. તેમાંથી ઝાડ ન થાય. તેજ પ્રમાણે આત્માને આ સંસારમાં પરિભ્રમણ કરાવનાર જે કર્મો હતા તે જ બીજ તરીકે હતા. તેના જ કારણે જીવ ના જન્મ- મરણ, એક ગતિમાંથી બીજી ગતિમાં ગમનાગમન થતું હતું સુખ- દુઃખ મળતું. પરન્તુ હવે આ કોઇ વાતની સંભાવના જ નથી. કારણ, બીજના જ અભાવમાં અંકૂર ક્યાંથી ફૂટે ? એ જ પ્રમાણે

કર્મના જ અભાવે જીવ સંસારમાં ફરી આવે શા માટે ? કોઇ પ્રયોજન નથી. એટલે જૈન ધમમાં મોક્ષથી પુનરાગમન નથી માન્યું. માટે જ અવતારવાદને અવકાશ નથી.

**શું મોક્ષ નિત્ય છે કે અનિત્ય ? –**

**दव्वामुत्तत्तणओ नहं व निच्चो मओ स दव्वतया ।**
**सव्वगयत्तावत्तो महिंत्ति तं नाणुमाणाओ ॥ १८४२.**


મોક્ષમાં કર્મરૂપ બીજ જ નથી તેથી ભવોત્પત્તિરૂપ અંકુરની ઉત્પત્તિનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. જયારે એક વાર આત્માં મોક્ષે ગયા પછી કાળસ્થિતિ જ અનન્ત છે, પછી અનિત્યતા ક્યાંથી સંભવે ? માટે મોક્ષમાં જીવ નિત્ય રહે છે. અને એટલે જ જીવનો મોક્ષ નિત્ય છે. તે મુકતાત્મા દ્રવ્ય સ્વરૂપ અને અમૂર્ત હોવાથી આકાશની પેઠે દ્રવ્યપણે નિત્ય છે. જેમ પ્રધ્વંસાભાવ કૃતક છતાં નિત્ય છે. પ્રધ્વંસાભાવ તો અનુત્પન્ન પદાર્થનો રહે છે. અને જો પ્રધ્વંસાભાવનો જ અભાવ માનીને પ્રધ્વંસાભાવને અનિત્ય માનવામાં આવે તો અભાવનો અભાવ માનવાથી ભાવની સ્થાપના થઇ જાય. માટે પ્રધ્વંસાભાવ કૃતક છતાં નિત્ય છે. તે જ પ્રકારે મોક્ષ પણ કૃતક= અર્થાત કૃતિમત્ પ્રયત્ન સાધ્ય છે. છતાં પણ નિત્ય છે. આત્મા જરૂર નિત્યાનિત્ય છે. સ્વદ્રવ્ય સ્વરૂપે આત્મા નિત્ય છે. અને સંસારમાં તેના પર્યાયોનો વિચાર કરવામાં આવેતો તે અનિત્ય પણ છે. માટે નિત્યાનિત્ય ઉભય સ્વરૂપે આત્મા છે. જેમ માટીના પર્યાયરૂપે ઘટની ઉત્પત્તિ તથા નાશ બન્ને થાય છે. તેથી ઘડો માટીની અપેક્ષાએ નિત્ય અને ઉત્પત્તિ આકારની અપેક્ષાએ અનિત્ય.

એ જ પ્રમાણે મુક્તાત્મા વિષે જો નિત્યાનિત્ય કહેવુ હોય તો કહી શકાય કે- સંસારી પર્યાય રૂપે આત્મા નષ્ટ થયો અને મુક્તાત્મા તરીકે ઉત્પન્ન થયો. અને સોપયોગત્વાદિ આત્મ ગુણસ્વરૂપે દ્રવ્યથી એ જ મૂળભૂત સ્વરૂપમાં કાયમ રહ્યો. માટે દ્રવ્યસ્વરૂપથી નિત્યત્વપણું તથા પર્યાય સ્વરૂપથી અનિત્યત્વપણું એમ જીવમાં, મુક્તાત્મામાં નિત્યાનિત્યપણાનું સ્વરૂપ રહે છે. આ પ્રમાણે સાપેક્ષવાદી· સ્યાદ્વાદી કહે છે.

## શું આત્મા સર્વ વ્યાપી છે ?

આત્માને સર્વ વ્યાપી માનનારાં દર્શનો પણ છે. 'વિભુ' દ્રવ્ય તરીકે આત્માને ઇતર દાર્શનિકોએ માન્યો છે. 'વિભુ' એટલે "સર્વ મૂર્તદ્રવ્ય સંયોગિત્વ"– અર્થાત સમસ્ત સંસારના સર્વ મૂર્ત દ્રવ્યોનો સંયોગ કરનાર તે આત્મા આકાશની પેઠે સર્વવ્યાપી, સર્વગત છે. જૈન શાસનની માન્યતાનું સ્વરૂપ છે. આત્માને સ્વદ્રવ્યથી સર્વવ્યાપી માનવાની આવશ્યકતા નથી. દ્રવ્યથી આત્મા પરિમિત ક્ષેત્રમાં રહે છે. સંસારી અવસ્થામાં દ્રવ્યથી આત્મા કાયાકારપરિણામી–સ્વદેહપરિમિત ક્ષેત્રમાં જ રહેનારો હોય છે. જો દ્રવ્યથી આત્માને સર્વવ્યાપી માનવામાં આવે તો સર્વ જીવોના સુખદુઃખની અનુભૂતિ થવી જોઈએ. પરન્તુ તે નથી થતી. બીજાની આંગળી કપાય છે તે પણ આપણને કોઈ હર્ષ–શોક દુઃખ નથી થતાં જો સર્વવ્યાપી હોય તો થવાં જોઇએ. પરન્તુ નથી થતાં એ પ્રત્યક્ષ અનુભવગમ્ય વસ્તુ છે. માટે આત્માને દ્રવ્યથી સર્વવ્યાપી દ્રવ્ય માનવો તેના કરતાં આત્માને પોતાના જ્ઞાનગુણથી સર્વવ્યાપી માનવો એ જ નિર્દોષ પક્ષ છે.

અનન્ત લોક-અલોકાકાશ
સુધી કેવલ જ્ઞાની જૂએ છે.



જે આત્માને કેવળજ્ઞાન થાય છે તે સર્વજ્ઞ કેવળી આત્મા સદેહે હોય અથવા વિદેહે મોક્ષમાં હોય તો પણ સમાન સ્વરૂપે અનન્તા આકાશ સુધી જોઇ શકે છે. સમસ્ત લોક–અલોકમાં સર્વત્ર ક્યાં શું છે ?, અને ક્યાં શું નથી. અર્થાત લોકમાં શું શું છે? ક્યાં શું છે ? અને અલોકમાં શું શું નથી ? ઇત્યાદિ સર્વ કંઇ પણ પોતાના જ્ઞાનથી જુએ છે. અનન્તને જોનાર અનન્ત જ્ઞાની કહેવાય. તે કેવળ જ્ઞાનથી સર્વવ્યાંપી થયા., દ્રવ્યથી નહીં. આત્મ-દ્રવ્યથી તો આ પૃથ્વી

ઉપર સદેહે હોય, અથવા વિદેહે મોક્ષમાં નિયત સ્થાને હોય છતાં તેમને બધું જણાય એમને જોવા જવુ નથી પડતુ પરન્તુ બધુ તેમના જ્ઞાનમાં જણાય છે. માટે આત્મા સ્વદ્રવ્યથી સર્વ-ગત –સર્વવ્યાપી નથી. પરન્તુ કેવળજ્ઞાનથી સર્વવ્યાપી છે. આ ચિત્રમા જોઇને સ્પષ્ટ સમજી શકાશે,

**મોક્ષ ગમન તો ક્યાં સુધી ?**


**અલોકમાં પણ ગમન કેમ નથી થતું ?**

અઢી દ્વીપના ક્ષેત્રમાંથી દેહમાંથી મુક્ત થઈને ઋજુગતિ દ્વારા ગમન કરતો એક જ સમયે આત્મા ચૌદરાજ લોકના અગ્ર ભાગે પહોંચી જાય છે. લો**अग्गमुवगयाण**'' લોકના અગ્ર ભાગે પહોંચી જાય છે. ઋજુ-સરળ ગતિથી જાય છે. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ૯૦° ના અંશે સીધો જાય છે અને જ્યાં લોકાગ્ર છે ત્યાં સ્થિર થઈ જાય છે. હવે ત્યાંથી આગળ નથી જતો.

**किं सिद्धालयपरओ न गई ? धम्मात्थिकाय विरहाओ।**
**सो गइ उवग्हकरो लोगम्मि जमत्थि नालोए ॥ १८५०**

સિદ્ધાલય અર્થાત સિદ્ધક્ષેત્રે જીવ જાય છે. તો તેની ઉપર પણ કેમ નથી થતો ? જો ૧ સમયમાં દેહ છોડીને સાત રાજલોક પ્રમાણ ક્ષેત્ર કાપીને સરલ સીધો જીવ ગતિ કરતો જાય છે તો પછી તે હજી લોકની પણ આગળ અલોકમાં કેમ નથી જતો ?

મંડિકના આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ ફરમાવ્યુ, હે મંડિત, જેમ માછલાને ગતિમાં સહાયક પાણી છે. તે જ પ્રકારે



સિધ્ધ શિલા
૫ અનુત્તર
૯ ગ્રૈવેયક
૧૨
દે
વ
લો
ક
કિલ્બિષિક
લોકાંતિક
કિલ્બિષિક
૧
૨
૪
૫
૧૦
કિલ્બિષિક
ચર-સ્થિર જ્યોતિષ્ક
વ્યંતર
ભવનપતિ
દ્વીપ સમુદ્ર
નરક ૧
નરક ૨
નરક ૩
નરક ૪
નરક ૫
નરક ૬
નરક ૭
૧
૨
૩
ત્રસ નાડી
૫
૬
૭


ચૌદરાજ લોકમાં સર્વત્ર પ્રસરેલા જીવ અને પુદ્ગલને ગતિ કરાવવામાં સહાયક તત્વ તે ધર્માસ્તિકાય છે, અને એ જ ગતિમાં સ્થિતિ કરાવવામાં સહાયક તત્વ અધર્માસ્તિકાય છે. અને આ ધર્માસ્થિતકાય વગેરે લોકમાંજ છે. આ લોક ૧૪ રાજ લોક પ્રમાણ છે. એની બહાર અલોક છે. અને અલોકમાં ગતિ સહાયક ધર્માસ્તિકાય વગેરે નથી. માટે જીવ અલોકમાં ગતિ નથી કરી શકતો જેમ માછલી પાણી વિના બહાર ગતિ નથી કરી શકતી તેમ. માટે જીવની ગતિમાં ધર્માસ્તિકાય તત્વ સહાયક હોવાથી જ્યાં સુધી આ તત્વ છે ત્યાં સુધી જ જીવ ગતિ કરી શકશે, અને જ્યાં સુધી સ્થિતિ સહાયક અધર્માસ્તિકાય તત્વ છે ત્યાં સુધી જઈને જીવ અટકી જશે. સ્થિર થઇ જશે. એથી આગળ અલોકમાં નહીં જઇ શકે. માટે લોકાગ્ર ભાગે સિદ્ધાત્મા સદા માટે સ્થિર થઇ જાય છે.

## લોકાગ્ર ભાગથી મુક્તાત્મા પાછા કેમ નથી પડતા ?

**नहनिच्चत्तओ वा थाण दिणासपयण न जुतं से ।**
**तह कम्माभावाओ पुणाक्किया भावओ वावि ॥ १८५७**

મંડિક—હે ભગવંત ! જેમ ઝાડ ઉપર બેઠેલો માણસ પડી જાય, અથવા ફળ પડી જાય તેમ લોકાગ્ર ભાગે રહેલા સિદ્ધાત્માઓ પડી કેમ નથી જતા ? એમનું પતન કેમ ન થાય ?

કરુણાસાગર કૃપાલુ ભગવંતે કહ્યું—હે મંડિક ! એક વાર જે આત્મા મોક્ષે ચાલ્યો ગયો તે આ ચાર ગતિના સંસાર-ચક્રમાંથી છૂટીને સિદ્ધશિલા ઉપર લોકાગ્રભાગે બિરાજમાન થઇ ગયા પછી કદાપિ કોઈ કાળે પણ તેનું પતન સંભવ નથી.




કારણ કે એ સ્થાન આકાશની જેમ નિત્ય હોવાથી તેનો વિનાશ પણ નથી થતો. અને વિનાશ ન થવાથી મુક્તાત્માનું પતન પણ નથી થતુ. બીજુ, આત્માને પતનાદિ ક્રિયામાં કર્મ જે મુખ્ય કારણ છે તે કર્મ તો ત્યાં છે જ નહીં સર્વથા

કર્મનો અભાવ છે. તો પછી પતનની સંભાવના રહી જ ક્યાં? અને બીજુ કે પોતાના પ્રયત્નની પ્રેરણા-આકર્ષણ-વિકર્ષણ તથા ગુરુત્વ (ભારે વજન) વગેરે જે પતન થવાના કારણો છે તે પણ મુકતાત્માને ત્યાં નથી એટલે પણ પતન સંભવ નથી.

કદાચ 'સ્થાનથી પતન' એમ જો તું કહેતો હોય તો તે પણ યોગ્ય નથી. સ્થાન તો આકાશ છે. અને જો સ્થાનથી પતન માનીએ તો તો આકાશને પણ પોતાના નિત્ય સ્થાનથી ચલાયમાન થઈને પડવું જોઈએ. પરન્તુ તે તો નથી બનતું. આકાશ નિત્ય દ્રવ્ય છે. તે કદાપિ પડતો નથી. તેમ આત્માનો મોક્ષ થયા પછી તે નિત્ય સ્વરૂપમાં છે એટલે કદાપિ પતન સંભવ જ નથી. ત્યાં પતનનું કોઈ કારણ નથી.

## પરિમિત ક્ષેત્રમાં અનંતા કેવી રીતે સમાયા ?


મંડિક સ્વામીએ પ્રશ્ન કર્યો, હે ભગવંત ! સિદ્ધ શિલા તો પરિમિતિ=મર્યાદિત ક્ષેત્ર છે. તો પછી ત્યાં અનન્તા સિદ્ધો કેવી રીતે સમાઈ શક્યા ? તે વિષયમાં ફરમાવે છે.

**परिमियदेसेऽणंता किहमाया ? मुत्तिविरहियत्ताओ ।**
**णेयम्मि व नाणाई दिट्ठीओ वेगरूवम्मि ॥ १८६०**

સિદ્ધોની આદિ પણ સિદ્ધ નહીં થાય. કારણ, કાળ અનાદિ છે. કાળ પ્રવાહની પરંપરા અનાદિ હોવાથી પ્રથમ શરીર કોનું કલ્પશો ? પ્રથમ મોક્ષે કોણ ગયો ? પ્રથમ નિગોદમાંથી કોણ નીકળ્યો એ પણ કહેવુ અસંભવ છે. માટે સિધ્ધોની આદિ પણ કહેવી સંભવ નથી.

હવે સિદ્ધશિલા તો માત્ર ૪૫ લાખ યોજન પહોળી પરિમિત છે. અને અનાદિ-અનન્ત કાળથી જીવો મોક્ષે જતા રહ્યા છે. અનન્તા જીવો મોક્ષે પહોંચ્યા છે તો ત્યાં અનન્તા

કેવી રીતે રહી શકતા હશે ? આના ઉત્તરમાં કહેવાનું કે, જીવાત્મા અમૂર્ત છે અને અરૂપી છે. અને દીપકની જ્વાલાની જેમ બધા એકબીજામાં સમાઇ જાય છે. પાંચ દીવડાઓ જુદા જુદા ભેગા કર્યા હોય તો તે પાંચેયની જ્વાલાઓ ભિન્ન ભિન્ન દેખાય છે. છતાં ભેગા કરતાં તે એક બીજામાં ભળી જાય છે. પાંચેની એક ભેગી રહે છે. અથવા દૂર એક નાચતી નટી ઉપર હજારો પ્રેક્ષકોની નજર ભેગી કેવી રીતે થાય છે ? એક સોયને જોનારા ઘણાં માણસોની દૃષ્ટિ કેવી એ સોય ઉપર ભેગી થાય છે ? સોય એક છે. અને તેના ઉપર ઘણાંની દૃષ્ટિ ભેગી થાય તેમ અનન્તા સિદ્ધાત્માઓ મોક્ષમાં એકબીજામાં એકત્ર-ભેગા થઇને પણ રહે છે. એક રૂમમાં જેમ ઘણાં દીવાઓ ભેગા કર્યા હોય તો તે બધાનો પ્રકાશ એક જ રૂમમાં જેમ ભેગા થઇને રહી શકે છે. તે જ પ્રમાણે પ્રકાશપુંજની જેમ મોક્ષમાં સિદ્ધશિલા નાની ૪૫ લાખ યોજનની પરિમિત હોવા છતાં પણ અનન્તા સિદ્ધાત્માઓ સાથે રહી શકે છે.



હે મંડિક ! આ પ્રમાણે કર્મનો બંધ પણ થઈ શકે છે. અને કર્મનો મોક્ષ પણ થઈ શકે છે. અને કર્મનો મોક્ષ એટલે છુટકારો થયા પછી આત્મા મુકત થાય છે. અને મુકતાત્મા કેવો હોય છે, કયાં હોય છે, કેવુ ક્ષેત્ર હોય છે વગેરેનો યુક્તિપૂર્વક વિચાર કર્યો છે. માટે મને આશા છે

કે હવે કર્મ બંધ–મોક્ષ વિષયક તારી શંકા ટળી હશે. અને જે વેદ વાક્યોનો અર્થ કરતાં તને ભ્રમ થયો હતો તે વેદ વાક્યનો સાચો અર્થ પણ તને સમજાવ્યો છે. એટલે આ વિષયમાં તું નિઃશંક થયો હશે. માટે આત્માનો કર્મ સાથેનો સંયોગ–વિયોગ રૂપ બંધ-મોક્ષ છે તેમાં તું શ્રદ્ધા ધારણ કર.

## મંડિકની શંકાનું સમાધાન અને દીક્ષા

**छिन्नम्मि संसयम्मि जिणेण जरमरण विप्पमुक्केणं**
**सो समणो पव्वइओ अधुट्ठहि खंडिय सएहिं ॥ १८६३**



આ પ્રમાણે પરમાત્મા સર્વજ્ઞ મહાવીર પ્રભુ પાસે કર્મ-બંધ- મોક્ષવિષયક પોતાની શંકાનો યુક્તિ-પ્રયુક્તિ પૂર્વક ઉત્તર મેળવી મંડિક સ્વામીનું મન સંતોષ પામ્યું. વેદ વાક્યોનો સાચો અર્થ પણ સમજાઇ ગયો. મનની શંકા ટળી, વાસ્તવિક સાચું તત્વજ્ઞાન પ્રાપ્ત થયુ. મંડિકનું અંતકરણ પ્રભુના ચરણોમાં નમી ગયુ, મંડિક નતમસ્તક થઇને પ્રભુનાં વિનંતિ કરવા લાગ્યા- હે જરા- મરણના દુઃખથી મુક્ત ભગવંતા. હવે મારા માટે આપ જ પૂજનીય છો શરણ્ય છો! હવે આપનું જ શરણ મારે ગ્રાહ્ય છે. આપે મોક્ષતત્વનું પ્રતિવાદન કરી મારા ઉપર અનહદ, અસીમ કૃપા કરી છે. તો હવે હું પણ બંધ રહિત

થઈ મુક્ત થાઉં તે આપનું ચારિત્ર મારે સ્વીકાર્ય છે.

એમ કહી મંડિક સ્વામીએ પોતાના ૩૫૦ શિષ્યો સાથે પ્રભુના ચરણોમાં દીક્ષા લીધી, અને વીરના શાસનમાં છઠ્ઠા ગણધર બન્યા. સ્વાત્મ કલ્યાણ સાધ્યું. દ્વાદશાંગી રચી મહાન ઉપકાર કર્યો. અંતે કેવળજ્ઞાન પામી રાજગૃહીમાં મુક્તિ-પદ પામ્યા. આપણે સર્વે મોક્ષ પામીએ એ જ અભિલાષા.

શ્રી આદિનાથ સ્વામીને નમઃ

પ. પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ

— ની પવિત્ર નિશ્રામાં —

**શ્રી વીશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ**

તરફથી આયોજિત ચાતુર્માસિક ૧૬ રવિવારીય —

# શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર

— માં દર રવિવારે ચાલતી —

**સચિત્ર ગણધરવાદ જાહેર વ્યાખ્યાનમાળા**

ની નવમા રવિવારની પ્રસ્તુત પુસ્તિકા

# શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ

**જૈન સંઘ જ્ઞાનભંડાર, જામનગર**

તરફથી છપાવી પ્રસિધ્ધ કરવામાં આવી છે.

ભાદરવા વદ ૯ રવિવાર તા. ૧૬–૯–૧૯૮૪ ની

## શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર

ની આ નવમા રવિવારની શિબિરની

સર્વે શિબિરાર્થીઓની **'સાધર્મિક ભકિત'**

**એક** ________ **થી**

હા. શ્રી હર્ષદભાઇ

(મહેસાણા વાળા) આદિ ત ______ છે.

gyanmandir@kobatirth.org